**પ્રશ્ન – ૧ જામનગર મેડીકલ કોલેજ ખાતે નવી યુ.જી. હોસ્ટેલ** ........ **3**
પેટા પ્રશ્નો ........ 9
પેટા પ્રશ્ન–૧ (શ્રીમતી રિવાબા રવિન્દ્રસિંહ જાડેજા (જામનગર ઉત્તર)) ........ 10
પેટા પ્રશ્ન–૨ (શ્રી દિવ્યેશભાઇ અકબરી, જામનગર (દ)) ........ 12
પેટા પ્રશ્ન–૩ (શ્રી મેઘજીભાઇ ચાવડા, કાલાવડ) ........ 13
પ્રશ્ન –૨ **રાજ્યમાં આયુર્વેદ અને હોમિયોપેથીની સરકારી અને ગ્રાન્ટેડ કોલેજોને મંજૂરી** ........ **14**
પેટા પ્રશ્નો ........ 19
પેટા પ્રશ્ન ૧ (શ્રી સંજયસિંહ મહીડા, મહુધા) ........ 20
પેટા પ્રશ્ન ૨ (ડૉ. પાયલબેન કુકરાની, નરોડા) ........ 21
પેટા પ્રશ્ન ૩ (શ્રી અલ્પેશભાઇ ઠાકોર, ગાંધીનગર (દ) ........ 22
પ્રશ્ન–૪ **મેડીકલ કોલેજોમાં સ્નાતક અને અનુસ્નાતકની જગ્યાઓ** ........ 23
પેટા પ્રશ્નો ........ 38
પેટા પ્રશ્ન–૧ (શ્રી યોગેશભાઇ પટેલ, આણંદ) ........ 39
પેટા પ્રશ્ન–૨ (શ્રી અમિત ઠાકર, વેજલપુર) ........ 41
પેટા પ્રશ્ન–૩ (શ્રીમતી રીટાબેન પટેલ, ગાંધીનગર (ઉ)) ........ 43
પેટા પ્રશ્ન–૪ (શ્રી ગોવિંદભાઇ પરમાર, ઉમરેઠ) ........ 44
પ્રશ્ન:૦૯ **સરકારી ડેન્ટલ કોલેજોમાં સંવર્ગવાર મંજુર મહેકમ** ........ **45**
પેટા પ્રશ્નો ........ 48
પેટા પ્રશ્ન ૦૧ (શ્રી ભગવાનભાઇ બારડ, તલાલા) ........ 49
પેટા પ્રશ્ન ૦૨ (ડૉ. પ્રદ્યુમનસિંહ વાજા, કોડીનાર) ........ 50
પેટા પ્રશ્ન ૦૩ (શ્રી મહેશભાઇ કસવાલા, સાવરકુંડલા) ........ 51
પ્રશ્ન–૧૦ **“છોટાઉદેપુર જિલ્લામાં આરોગ્ય વિભાગના આઉટસોર્સીંગ કર્મચારીઓ”** ........ **52**
પેટા પ્રશ્નો ........ 59
પેટા પ્રશ્ન ૧ શ્રી રાજેન્દ્રસિંહ મોહનસિંહ રાઠવા છોટાઉદેપુર ........ 60
પેટા પ્રશ્ન ૨ શ્રી મહેન્દ્રભાઇ ભાભોર, ગરબાડા ........ 61
પ્રશ્ન–૧૧ **સિવિલ હોસ્પિટલ, અમદાવાદ ખાતે નોંધાયેલ અંગદાતા** ........ **62**
પેટા પ્રશ્નો ........ 67
પેટા પ્રશ્ન ૧ (શ્રી દિનેશસિંહ રાજેન્દ્રસિંહ કુશવાહ(બાપુનગર)) ........ 68
પેટા પ્રશ્ન ૨ (શ્રી દુર્લભજીભાઇ દેથરીયા, ટંકારા) ........ 69
પેટા પ્રશ્ન ૩ (શ્રીમતી કંચનબેન રાદડીયા, ઠક્કરબાપાનગર) ........ 70
પ્રશ્ન–૧૨**“અમરેલી જિલ્લામા પ્રાથમિક અને સામુહિક આરોગ્ય કેન્દ્રોના નવા મકાનો.”** ........ **72**
પેટા પ્રશ્નો ........ 76
પેટા પ્રશ્ન–૧ (શ્રી મહેશભાઇ કસવાલા, સાવરકુંડલા) ........ 77
પેટા પ્રશ્ન–૨ (શ્રી જે.વી. કાકડીયા, ધારી) ........ 2
પેટા પ્રશ્ન–૩ (શ્રી જનકભાઇ તળાવિયા, લાઠી) ........ 3
મુખ્ય પેજ

પ્રશ્ન – ૧૩ **ખોરાક અને ઔષધના નમુનાઓની ચકાસણી માટે પ્રયોગશાળા .......................... 4**
પેટા પ્રશ્નો .......................................................................................... 7
પેટા પ્રશ્ન : ૦૧ (શ્રી અમુલ ભટ્ટ મણીનગર) ........................................................ 8
પેટા પ્રશ્ન : ૨ (શ્રીમતી દર્શનાબેન વાઘેલા, અસારવા) ................................................ 9
પેટા પ્રશ્ન : ૩ (શ્રીમતી મનિષાબેન વકીલ, વડોદરા) ............................................ 10

પ્રશ્ન – ૧૬ **ફાર્મા કંપનીઓ દ્વારા ગેરકાયદેસર રીતે નશાયુક્ત ડ્રગ્સ કે દવાની બનાવટ અને વેચાણ . 11**
પેટા પ્રશ્નો ........................................................................................ 14
પેટા પ્રશ્ન: ૧ (શ્રી કીરીટકુમાર પટેલ, ઉંઝા ) ...................................................... 15
પેટા પ્રશ્ન: ૨ (શ્રી કેશાજી ચૌહાણ, દિયોદર) ...................................................... 16
પેટા પ્રશ્ન: – ૩ (શ્રી સરદારભાઈ ચૌધરી, ખેરાલુ)................................................ 17

મુખ્ય પેજ

# પ્રશ્ન – ૧

**પ્રશ્ન ક્રમાંક – ૧૫/૪/૨૧૩૫**
**તા.૨૯/૦૨/૨૦૨૪**
**આરોગ્ય વિભાગ**

**માન. ધારાસભ્યશ્રી :** શ્રીમતી રિવાબા રવિન્દ્રસિંહ જાડેજા જામનગર ઉત્તર

**પ્રશ્ન :–** જામનગર મેડીકલ કોલેજ ખાતે નવી યુ.જી. હોસ્ટેલ

મુખ્ય પેજ

# મુળ પ્રશ્ન અને છાપ્યા મુજબનો જવાબ

**જામનગર મેડીકલ કોલેજ ખાતે નવી યુ.જી હોસ્ટેલ**

***15/4/2135 શ્રીમતી રિવાબા રવિન્દ્રસિંહ જાડેજા** (જામનગર ઉત્તર)**: માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે,–

| | પ્રશ્ન | | જવાબ |
|---|---|---|---|
| (૧) | તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ જામનગર એમ. પી. શાહ મેડીકલ કોલેજ ખાતે નવી યુ.જી. હોસ્ટેલના બાંધકામનું આયોજન છે કે કેમ, | (૧) | હા, જી |
| (૨) | જો હા, તો તેના માટે કેટલી રકમ મંજૂર કરવામાં આવેલ છે, અને | (૨) | એમ. પી. શાહ મેડીકલ કોલેજ, જામનગર ખાતે જુની જર્જરીત હોસ્ટેલ તોડી યુ.જી. બોયઝ હોસ્ટેલ અને પી.જી. હોસ્ટેલના બાંધકામ માટે રૂ.૧૩૦૦૦.૦૦ લાખની રકમ મંજૂર કરવામાં આવેલ છે. |
| (૩) | ઉક્ત સ્થિતિએ આ બાંધકામ ક્યા તબક્કે છે? | (૩) | સદરહું કામગીરી પ્રગતિ હેઠળ છે. (ગ્રાઉન્ડ ફ્લોર લેવલ) |

------------------

મુખ્ય પેજ

# પુરક નોંધ

- શ્રી એમ.પી. શાહ મેડીકલ કોલેજ, જામનગરની સ્થાપના વર્ષ ૧૯૫૪ માં થયેલ છે. કોલેજમાં યુ.જી.ની ૨૫૦ બેઠકો તથા પી.જી.ની ૧૯૦ બેઠકો છે. કેમ્પસમાં હાલ ૧૧ હોસ્ટેલ છે. જેમાં ૧૩૭૮ યુ.જી. તથા ૬૧૮ પી.જી.ના મળી કુલ ૧૯૯૬ વિદ્યાર્થીઓ રહે છે.

- **નવી યુ.જી. ગર્લ્સ હોસ્ટેલ** (G+11)

| | |
|---|---|
| કેમ્પસ એરીયા | ૨,૦૪,૪૫૬.૪૧ ચો.મી. |
| બાંધકામનો એરીયા | ૨૮,૪૫૮ ચો.મી. |
| વહીવટી મંજૂરી | તા. ૦૧.૦૨.૨૨, **રૂ.૬૨.૦૫ કરોડ** |
| તાંત્રીક મંજૂરી | તા.૦૫.૦૮.૨૦૨૨, **રૂ.૬૧.૯૨ કરોડ** |
| કામની ચાલુ કરવાની તા: | તા. ૦૪.૦૭.૨૦૨૩ |
| પૂર્ણ કરવાની તારીખ | તા. ૦૩.૦૧.૨૦૨૫ |
| કામની અંદાજીત રકમ | રૂ. ૫૮.૪૧ કરોડ |
| ટેન્ડરની રકમ | રૂ. ૫૪.૯૪ કરોડ (૫.૯૪% નીચું) |
| એજન્સી | મે. શાંતિ કન્સ્ટ્રક્શન (ગુજ.) પ્રાઈવેટ લીમીટેડ, જામનગર |
| **બાંધકામની હાલનું સ્ટેજ** | **પ્રથમ ફ્લોર સ્લેબ લેવલ** |

મુખ્ય પેજ

## ➢ સુવિધાઓ:

| | |
|---|---|
| ગ્રાઉન્ડ ફ્લોર | વેઈટિંગ એરીયા/રીસેપ્શન, સીક્યુરીટી રૂમ, રીકીએશન રૂમ, ઓફીસ, કાફે, વોર્ડન ક્વાર્ટસ, લોન્ડ્રી રૂમ, પાર્કિંગ, કાઉન્સેલીંગ રૂમ, ઓપન કોર્ટ |
| પ્રથમ માળ થી ચોથા માળ | કીચન , (મેશ–૨૦)<br>ડાઈનીંગ એરીયા, (૪ નંગ–૮૫ કેપેસીટી)<br>લાઈબ્રેરી/રીફીએશન એરીયા |
| બીજો માળ થી અગીયારમો માળ | -૭૦૦ વિદ્યાર્થીઓના સમાવેશ સાથેના ૩૫૦ રૂમોની સગવડ<br>-દરેક રૂમમાં બાલ્કની અને ફર્નીચરની સુવીધા સાથે |
| દરેક રૂમ પૈકી ફર્નીચર | - ૨ બેડ ,૨ ટેબલ<br>- ૨ ખુરશી ,૨ કપબોર્ડ |
| લિફ્ટ | ૪ નંગ (૨૦ પેસેંજર)<br>ડી.જી. સેટ ની સુવિધા સાથે |
| સ્ટેરકેસ | ૪ નંગ |
| ટોઈલેટ એરીયા | દરેક માળે ચારેય તરફ લેવીટરી બ્લોક, સ્ટોર રૂમ |

મુખ્ય પેજ

# નવી યુ.જી. & પી.જી. બોયઝ હોસ્ટેલ

- પી.જીની બોયઝ હોસ્ટેલ(જી+૧૧)- એરીયા ૨૦,૯૮૦.૦૦ ચો.મી સાથે ૩૦૦ બેડની સુવિધા
- યુ.જી બોયઝ હોસ્ટેલ(જી+૧૧) –એરીયા ૩૦,૦૦૦.૦૦ ચો.મી ૮૦૯ બેડની સુવિધા
- કુલ બાંધકામ એરિયા ૫૦,૯૮૦.૦૦ ચો.મી તથા અંદાજીત રકમ રૂ.૧૩૦ કરોડ નો ખર્ચ થવા જાય છે જેની સામે વર્ષ ૨૦૨૩–૨૪ અને ૨૦૨૪–૨૫ માં કુલ ૪૦.૦૦ કરોડ મંજૂર થયેલ છે. ટેન્ડર આમંત્રિત કરવાની પ્રક્રિયા ચાલી રહી છે.

| તોડવાના થતા જુના મકાનો | એરિયા ચો.મી. | બાંધકામનું વર્ષ |
|---|---|---|
| હોસ્ટેલ–૧ | 2102.66 | 1956-58 |
| હોસ્ટેલ–૨ | 2102.66 | 1956-58 |
| હોસ્ટેલ–૩ | 2102.66 | 1956-58 |
| હોસ્ટેલ–૪ | 1641.30 | 1959-60 |
| હોસ્ટેલ–૫ | 1641.30 | 1959-60 |
| હોસ્ટેલ–૬ | 1812.39 | 1960-62 |
| હોસ્ટેલ–૭ | 1812.39 | 1960-62 |
| હોસ્ટેલ–૮ (યુ.જી) | 1973.66 | 1981-84 |
| ઓલ્ડ પીજી હોસ્ટેલ | 1973.66 | 1981-85 |

મુખ્ય પેજ

# જામનગર ખાતે હાથ ધરવામાં આવેલ અન્ય કામગીરી

| મંજુર કરેલ કામની વિગત | ઉપલબ્ધ થનાર સુવિધા | કામની છેલ્લી પરિસ્થિતિ | અંદાજીત રકમ |
|---|---|---|---|
| ડેન્ટલ કોલેજ અને હોસ્પિટલ નવુ બાંધકામ અને અપગ્રેડેશન | ડેન્ટલ સુવિધાઓ | તાંત્રિક મંજુરી હેઠળ | ૭૬.૦૦ કરોડ |
| ડેન્ટલ કોલેજ ખાતે નવી યુ.જી. ગર્લ્સ હોસ્ટેલ | ૩૩૦ વિદ્યાર્થીની | પ્રથમ ફ્લોર સ્લેબ લેવલ | ૨૮.૨૨ કરોડ |
| નવી યુ.જી. મેડીકલ ગર્લ્સ હોસ્ટેલ | ૭૦૦ વિદ્યાર્થીની | પ્રથમ ફ્લોર સ્લેબ લેવલ | ૫૪.૯૫ કરોડ |
| નવી યુ.જી. તથા પી.જી. મેડીકલ બોયસ હોસ્ટેલ | યુ.જી ૮૦૮ પી.જી. ૩૦૦ વિદ્યાર્થી | તાંત્રિક મંજુરી હેઠળ | ૧૩૦.૦૦ કરોડ |
| નવી એમ.સી.એચ. અને સુપર સ્પેશિયાલીટી હોસ્પિટલ બિલ્ડીંગ | ૧૧૫૦ પથારી | ડી.પી.આર મંજુરી હેઠળ | ૫૭૫.૦૦ કરોડ |
| | | **કુલ :-** | **૮૬૪.૧૭ કરોડ** |

મુખ્ય પેજ

# પેટા પ્રશ્નો

## અગ્રતા ક્રમ :૧

## પ્રશ્ન ક્રમાંક : ૧૫/૪/૨૧૩૫

## તા. ૨૯/૦૨/૨૦૨૪

## આરોગ્ય વિભાગ

**માન.ધારાસભ્યશ્રી : શ્રીમતી રિવાબા રવિન્દ્રસિંહ જાડેજા (જામનગર ઉત્તર)**

**પ્રશ્ન:- જામનગર મેડીકલ કોલેજ ખાતે નવી યુ.જી. હોસ્ટેલ**

| પેટા પ્રશ્ન ક્રમાંક | પ્રશ્નની વિગત | ધારાસભ્યશ્રીનું નામ |
|---|---|---|
| ૧ | સરકારી મેડીક્લ કોલેજ, જામનગર ખાતે યુ.જી. તથા પી.જી.ના વિદ્યાર્થીઓ માટે હાલ રહેણાંકની શુ વ્યવસ્થા છે?<br>હોસ્ટેલમાં રહેતા વિદ્યાર્થીઓને કઈ કઈ સવલતો પુરી પાડવામાં આવે છે? અને<br>વિદ્યાર્થીઓને હોસ્ટેલમાં રહેવા માટે નેશનલ મેડીકલ કમિશન દ્વારા શું ધારા ધોરણો નક્કી થયેલ છે? | શ્રીમતી રિવાબા રવિન્દ્રસિંહ જાડેજા<br>જામનગર ઉત્તર |
| ૨ | નિર્માણાધિન હોસ્ટેલમાં કેટલા વિદ્યાર્થીઓનો સમાવેશ થઇ શકશે ? અને તેમાં કયા કયા પ્રકારની સુવિધાઓ ઉપલબ્ધ કરાવવામાં આવશે ? હોસ્ટેલના બાંધકામની અદ્યતન પરિસ્થિતી શુ છે ? તેની વિગતો જણાવશો. | શ્રી દિવ્યેશભાઇ અકબરી, જામનગર (દ) |
| ૩ | જામનગર મેડીકલ કોલેજ ખાતે સરકાર દ્વારા કયા કયા પ્રકારની કામગીરી હાથ ધરવામા આવેલ છે ? તેની વિગતો આપશો. | શ્રી મેઘજીભાઇ ચાવડા, કાલાવડ |

મુખ્ય પેજ

**અગ્રતાક્રમ–૧**
**તારાંકિત પ્રશ્ન ક્રમાંક–૧૫/૪/૨૧૩૫**
**આરોગ્ય વિભાગ**
**તા. ૨૯/૦૨/૨૦૨૪**

પેટા પ્રશ્ન-૧ (શ્રીમતી રિવાબા રવિન્દ્રસિંહ જાડેજા (જામનગર ઉત્તર))

- **સરકારી મેડીક્લ કોલેજ, જામનગર ખાતે યુ.જી. તથા પી.જી.ના વિદ્યાર્થીઓ માટે હાલ રહેણાંકની શુ વ્યવસ્થા છે?**
- **હોસ્ટેલમાં રહેતા વિદ્યાર્થીઓને કઈ કઈ સવલતો પુરી પાડવામાં આવે છે? અને**
- **વિદ્યાર્થીઓને હોસ્ટેલમાં રહેવા માટે નેશનલ મેડીકલ કમિશન દ્વારા શું ધારા ધોરણો નક્કી થયેલ છે?**

**જવાબ–**

- શ્રી એમ.પી.શાહ સરકારી મેડીક્લ કોલેજ, જામનગર ખાતે તબીબી અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ માટે હાલ ..
  - **૦૮ (આઠ)** યુ.જી. બોયઝ હોસ્ટેલ,
  - **૦૧ (એક)** ઈન્ટર્ન હોસ્ટેલ,
  - **૦૧ (એક)** ન્યુ પી.જી. હોસ્ટેલ તેમજ
  - **૦૧ (એક)** ઓલ્ડ પી.જી. હોસ્ટેલ
- આમ **કુલ ૧૧** હોસ્ટેલ્સ ઉપલબ્ધ છે. જેમાં **કુલ ૧૩૭૮** સ્નાતક(જેમાં **૫૫૩** વિદ્યાર્થીનીઓ તથા **૮૨૫** વિદ્યાર્થીઓ) અને **૬૧૮** અનુસ્નાતક રેસીડેન્ટ વિદ્યાર્થીઓ મળી કુલ ૧૯૯૬ વિદ્યાર્થીઓ રહે છે.

મુખ્ય પેજ

- **હોસ્ટેલમાં રહેતા વિદ્યાર્થીઓને..**
  - મેસ, કેન્ટીન,
  - જીમખાના, આઉટડોર ગેમ્સ માટે હોસ્ટેલ પરીસરમાં પ્લે–ગ્રાઉન્ડ,
  - ઈન્ડોર ગેમ્સ,
  - વિવિધ શૈક્ષણિક તથા સાંસ્કૃત્તિક પ્રવૃતિઓ માટે કોમન–હોલ જેવી વિવિધ પ્રકારની સવલતો પુરી પાડવામાં આવે છે.

- **નેશનલ મેડીકલ કમિશનના ધારા ધોરણો મુજબ ...**
  - યુ.જી. ના કુલ એડમીશન પૈકી ૭૫% વિદ્યાર્થીઓને હોસ્ટેલ એકોમોડેશન પુરૂ પાડવાનું થાય છે.
  - જયારે પી.જી. ના તમામ વિદ્યાર્થીઓને એટલે કે ૧૦૦% એકોમોડેશન આપવું ફરજીયાત છે.
  - નોર્મ્સ મુજબ યુ.જી. ના ૧૧૨૫ તથા પી.જી. ના ૫૭૦ મળી કુલ ૧૬૯૫ વિદ્યાર્થીઓ માટે રહેવાને વ્યવસ્થા કરવાની થાય જેની સામે હાલ હયાત ૧૯૯૬ વિદ્યાર્થીઓ રહી શકે તેટલી વ્યવસ્થા ઉપલબ્ધ છે.
  - તદ્ઉપરાંત વિદ્યાર્થીઓને રીક્રિયેશન માટેની તમામ સવલતો ઉપલબ્ધ કરાવવાની થાય.
  - દરેક વિદ્યાર્થીઓ માટે તેમના રૂમમાં ખુરશી, સ્ટડી ટેબલ, તથા કબાટ જેવી મૂળભૂત સુવિધાઓ હોવી જરૂરી છે.
  - દરેક હોસ્ટેલમાં વિઝીટર રૂમ તથા સ્ટડી રૂમ (Fully air-conditioned and with internet connection) હોવુ જરૂરી છે.

મુખ્ય પેજ

## પેટા પ્રશ્ન-૨ (શ્રી દિવ્યેશભાઇ અકબરી, જામનગર (દ))

- **નિર્માણાધિન હોસ્ટેલમાં કેટલા વિદ્યાર્થીઓનો સમાવેશ થઇ શકશે ? અને તેમાં કયા કયા પ્રકારની સુવિધાઓ ઉપલબ્ધ કરાવવામાં આવશે ? હોસ્ટેલના બાંધકામની અદ્યતન પરિસ્થિતી શુ છે ? તેની વિગતો જણાવશો.**

**જવાબ–**

- નિર્માણાધિન હોસ્ટેલમાં ૭૦૦ વિદ્યાર્થિઓનો સમાવેશ થઈ શકશે.
- હોસ્ટેલમાં વેઈટીંગ એરીયા, રિસેપ્શન, સિક્યુરીટી રૂમ, રીક્રીએશન રૂમ, કાફે, કાઉન્સેલિંગ રૂમ, પાર્કિંગ, ઓપન કોર્ટ, કીચન, મેસ, ડાઈનીંગ એરિયા, લાયબ્રેરી–સ્ટડી રૂમ, લોન્ડ્રી, દરેક વિદ્યાર્થીઓને ફર્નિચરની સુવિધાઓ જેમ કે ટેબલ, ખુરશી, કબાટ, દરેક રૂમમાં બાલ્કની વગેરે.. જેવી સુવિધાઓ ઉપલબ્ધ કરાવવામાં આવશે.

- **હોસ્ટેલના બાંધકામની અદ્યતન પરિસ્થિતી જોઈએ તો.**
- તા.૨૧/૦૨/૨૦૨૪ ની સ્થિતિએ પ્રગતિ હેઠળ છે. (ફર્સ્ટ ફ્લોર સ્લેબ લેવલ)

મુખ્ય પેજ

## પેટા પ્રશ્ન-૩ (શ્રી મેઘજીભાઇ ચાવડા, કાલાવડ)

- **જામનગર મેડીકલ કોલેજ ખાતે સરકાર દ્વારા કયા કયા પ્રકારની કામગીરી હાથ ધરવામા આવેલ છે ? તેની વિગતો આપશો.**

**જવાબ–**

- **જામનગર ખાતે હાથ ધરવામાં આવેલ કામગીરી જોઈએ તો..**

| **મંજુર કરેલ કામની વિગત** | **ઉપલબ્ધ થનાર સુવિધા** | **કામની છેલ્લી પરિસ્થિતિ** | **અંદાજીત રકમ** |
|---|---|---|---|
| ડેન્ટલ કોલેજ અને હોસ્પિટલ નવુ બાંધકામ અને અપગ્રેડેશન | ડેન્ટલ સુવિધાઓ | તાંત્રિક મંજુરી હેઠળ | ૭૬.૦૦ કરોડ |
| ડેન્ટલ કોલેજ ખાતે નવી યુ.જી. ગર્લ્સ હોસ્ટેલ | ૩૩૦ વિદ્યાર્થીની | પ્રથમ ફ્લોર સ્લેબ લેવલ | ૨૮.૨૨ કરોડ |
| નવી યુ.જી. મેડીકલ ગર્લ્સ હોસ્ટેલ | ૭૦૦ વિદ્યાર્થીની | પ્રથમ ફ્લોર સ્લેબ લેવલ | ૫૪.૯૫ કરોડ |
| નવી યુ.જી. તથા પી.જી. મેડીકલ બોયસ હોસ્ટેલ | યુ.જી ૮૦૮ પી.જી. ૩૦૦ વિદ્યાર્થી | તાંત્રિક મંજુરી હેઠળ | ૧૩૦.૦૦ કરોડ |
| નવી એમ.સી.એચ. અને સુપર સ્પેશિયાલીટી હોસ્પિટલ બિલ્ડીંગ | ૧૧૫૦ પથારી | ડી.પી.આર મંજુરી હેઠળ | ૫૭૫.૦૦ કરોડ |
| | | **કુલ :–** | **૮૬૪.૧૭ કરોડ** |

મુખ્ય પેજ

# પ્રશ્ન –૨

## પ્રશ્ન ક્રમાંક –૧૫/૪/૨૬૦૧
## તા.૨૯/૦૨/૨૦૨૪
## આરોગ્ય વિભાગ

**માન. ધારાસભ્યશ્રી :** ગુલાબસિંહ સોમસિંહ ચૌહાણ (લુણાવાડા)

**પ્રશ્ન :–** રાજ્યમાં આયુર્વેદ અને હોમિયોપેથીની સરકારી અને ગ્રાન્ટેડ કોલેજોને મંજૂરી

મુખ્ય પેજ

# મુળ પ્રશ્ન અને છાપ્યા મુજબનો જવાબ

**રાજ્યમાં આયુર્વેદ અને હોમિયોપેથીની સરકારી અને ગ્રાન્ટેડ કોલેજોને મંજૂરી**

*15/4/2601 **શ્રી ગુલાબસિંહ સોમસિંહ ચૌહાણ** (લુણાવાડા): **માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| | પ્રશ્ન | | જવાબ |
|---|---|---|---|
| (૧) | તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રાજ્યમાં આયુર્વેદ અને હોમિયોપેથી અભ્યાસક્રમની સરકારી અને ગ્રાન્ટેડ કોલેજોને મંજૂરી આપવા માટે કેટલી અરજીઓ મળી, | (૧) | શુન્ય(૦) |
| (૨) | ઉક્ત સ્થિતિએ કેટલી કોલેજોને મંજૂરી આપવામાં આવી, અને | (૨) | પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૩) | ઉક્ત સ્થિતિએ સરકારને મળેલ અરજીઓ પૈકી કઈ કોલેજોને મંજુરી આપવાની બાકી છે? | (૩) | પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

..................

મુખ્ય પેજ

# પુરક નોંધ

- રાજયમાં આયુર્વેદ અને હોમિયોપેથી અભ્યાસક્રમની સરકારી અને ગ્રાન્ટેડ કોલેજોની મંજુરી આપવાની તા.૩૧/૧૨/૨૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં એકપણ અરજી મળેલ નથી.
- પરંતુ વર્ષ ૨૦૨૧માં માન. ધારાસભ્યશ્રી ધનજીભાઇ એ.પટેલ (૬૨-વઢવાણ-સુરેન્દ્રનગર) દ્વારા સુરેન્દ્રનગર ખાતે સરકારી આયુર્વેદ કોલેજ તથા સંલગ્ન હોસ્પિટલ મંજુર કરવા રજુઆત કરેલ. જે કોલેજ સંલગ્ન હોસ્પિટલના બાંધકામ નવી બાબત વર્ષ ૨૦૨૨-૨૩ અંતર્ગત મંજુરી મળેલ છે.

- **રાજ્યમાં કુલ કોલેજો :-**

| | **આયુર્વેદ** | **બેઠકો** | **હોમિયોપેથી** | **બેઠકો** |
|---|---|---|---|---|
| સરકારી | ૦૫ | ૪૪૦ | ૦૧ | ૧૨૫ |
| ગ્રાન્ટ ઈન એઈડ | ૦૦ | ૦૦ | ૦૩ | ૩૭૫ |
| ખાનગી | ૩૬ | ૨૯૭૪ | ૪૧ | ૩૮૮૬ |
| **કુલ** | **૪૧** | **૩૪૧૪** | **૪૫** | ૪૩૮૬ |

**(નોંધ :- યુ.જી. તથા પી.જી. ની કુલ બેઠકો બતાવેલ છે.)**

મુખ્ય પેજ

## વર્ષ ૨૦૨૨ તથા ૨૦૨૩ માં ખાનગી કોલેજો માટે મળેલ અરજીઓની વિગત

| વિષય | મળેલ કુલ અરજી | મંજૂરી મળેલ અરજી | નામંજૂર કરેલ અરજી |
|---|---|---|---|
| આયુર્વેદ (UG) | ૧૨ | ૭ | ૫ |
| હોમિયોપેથી (UG) | ૭ | ૩ | ૪ |
| આયુર્વેદ સીટ વધારો | ૧૦ | ૧૦ | ૦૦ |
| હોમિયોપેથી સીટ વધારો | ૧ | ૧ | ૦૦ |
| આયુર્વેદ (PG) | ૪ | ૩ | ૧ |
| હોમિયોપેથીક (PG) | ૯ | ૭ | ૨ |
| **Total** | **૪૩** | **૩૧** | **૧૨** |

- **<u>સરકારી આયુર્વેદ હોસ્પિટલોની મંજુરી</u>**
- વર્ષ ૨૦૧૮–૧૯ની નવી બાબતમાં રાજયમાં નવી ૫૦ પથારીની ૧૨ સરકારી આયુર્વેદ હોસ્પિટલ શરૂ કરવાની મંજુરી મળેલ છે. જેમાં તાપી, સુરત, મહેસાણા, પાલનપુર, લુણાવાડા, મોડાસા, ગીરસોમનાથ, છોટાઉદેપુર, દેવભુમી દ્વારકા, બોટાદ, ખેડા અને આણંદનો સમાવેશ થાય છે.
- તેમજ વર્ષ ૨૦૨૩–૨૪ ની નવી બાબતમાં વિસનગર–મહેસાણા ખાતે ૫૦–બેડની નવી સરકારી આયુર્વેદ હોસ્પિટલની મંજુરી આપવામાં આવેલ છે.

મુખ્ય પેજ

- **સરકારી આયુર્વેદ કોલેજ ખાતે સીટ વધારવાની મંજુરી.**

(૧) વર્ષ ૨૦૨૨ માં વર્ષ ૨૦૨૩–૨૪ માટે સરકારી આયુર્વેદ કોલેજ–વડોદરા ખાતે પી.જી. અભ્યાસક્રમ અંગદ તંત્ર, સ્વસ્થવૃત અને સંહિતા સિધ્ધાંત વિષયની ૫–૫ એમ કુલ–૧૫ સીટોની **NOC** આપેલ છે.

(૨) વર્ષ ૨૦૨૨ માં વર્ષ ૨૦૨૩–૨૪ માટે સરકારી અખંડનંદ આયુર્વેદ કોલેજ–અમદાવાદ ખાતે પી.જી. અભ્યાસક્રમ ક્રિયા શરીર, રચના–શરીર સ્વસ્થવૃત અને સંહિતા સિધ્ધાંત વિષયની ૫–૫ એમ કુલ–૨૦ સીટોની **NOC** આપેલ છે.

(૩) વર્ષ ૨૦૨૩માં વર્ષ ૨૦૨૪–૨૫ માટે સ્ટેટ મોડેલ આયુર્વેદ કોલેજ–કોલવડા જિ.ગાંધીનગર ખાતે યુ.જી. અભ્યાસક્રમની ૬૦ સીટ માંથી ૧૦૦ સીટમાં વધારો કરવાની **NOC** આપેલ છે.

મુખ્ય પેજ

# પેટા પ્રશ્નો

## અગ્રતા ક્રમ :૦૨

### પ્રશ્ન ક્રમાંક : ૧૫/૪/૨૬૦૧

### તા.૨૯/૦૨/૨૦૨૪

### આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ

માન.ધારાસભ્યશ્રી : ગુલાબસિંહ સોમસિંહ ચૌહાણ (લુણાવાડા)

પ્રશ્નઃ– રાજ્યમાં આયુર્વેદ અને હોમિયોપેથીની સરકારી અને ગ્રાન્ટેડ કોલેજોને મંજૂરી

| પેટા પ્રશ્ન ક્રમાંક | પ્રશ્નની વિગત | ધારાસભ્યશ્રીનું નામ |
|---|---|---|
| ૧ | રાજ્યમાં કેટલી સરકારી, ગ્રાંટ ઈન એઈડ તથા ખાનગી આયુર્વેદ કોલેજ આવેલ છે? અને તેમાં કેટલી સીટો છે ? | શ્રી સંજયસિંહ મહીડા, મહુધા |
| ૨ | રાજ્યમાં કેટલી સરકારી, સરકારી, ગ્રાંટ ઈન એઈડ તથા ખાનગી હોમિયોપેથી કોલેજ આવેલ છે? અને તેમાં કેટલી સીટો છે ? | ડૉ. પાયલબેન કુકરાની, નરોડા |
| ૩ | આયુર્વેદ અને હોમિયોપેથી કોલેજોમાં MYSY (મુખ્યમંત્રી યુવા સ્વાલંબન) યોજના હેઠળ નાણાકીય વર્ષ ૨૦૨૨-૨૩ કેટલા લાભાર્થીઓને લાભ અપાયો? તથા ટ્યુશન, બુક તથા હોસ્ટેલ સહાય આપવામાં આવી? | શ્રી અલ્પેશભાઈ ઠાકોર, ગાંધીનગર (દ) |

મુખ્ય પેજ

**અગ્રતાક્રમ–૨**
**તારાંકિત પ્રશ્ન ક્રમાંક:૧૫/૪/૨૬૦૧**
**આરોગ્ય વિભાગ**
**તા.૨૯/૦૨/૨૦૨૪**

## પેટા પ્રશ્ન ૧ (શ્રી સંજયસિંહ મહીડા, મહુધા)

- **રાજયમાં કેટલી સરકારી, ગ્રાંટ ઈન એઈડ તથા ખાનગી આયુર્વેદ કોલેજ આવેલ છે? અને તેમાં કેટલી સીટો છે ?**

**જવાબ**

| | **આયુર્વેદ કોલેજો** | **બેઠકો યુ.જી** | **બેઠકો પી.જી** | **કુલ બેઠકો** |
|---|---|---|---|---|
| સરકારી | ૦૫ | ૩૮૭ | ૫૩ | ૪૪૦ |
| ગ્રાન્ટ ઈન એઈડ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ |
| ખાનગી | ૩૬ | ૨૭૨૯ | ૨૪૫ | ૨૯૭૪ |
| **કુલ** | **૪૧** | **૩૧૧૬** | **૨૯૮** | **૩૪૧૪** |

**(સરકારી– અમદાવાદ, કોલવડા, જુનાગઢ, ભાવનગર, વડોદરા)**

મુખ્ય પેજ

પેટા પ્રશ્ન ૨ (ડૉ. પાયલબેન કુકરાની, નરોડા)

➢ **રાજયમાં કેટલી સરકારી, ગ્રાંટ ઇન એઇડ તથા ખાનગી હોમિયોપેથી કોલેજ આવેલ છે? અને તેમાં કેટલી સીટો છે ?**

**જવાબ –**

| | **હોમિયોપેથી કોલેજો** | **બેઠકો યુ.જી** | **બેઠકો પી.જી** | **કુલ બેઠકો** |
|---|---|---|---|---|
| **સરકારી** | ૦૧ | ૧૨૫ | ૦૦ | ૧૨૫ |
| **ગ્રાન્ટ ઇન એઇડ** | ૦૩ | ૩૭૫ | ૦૦ | ૩૭૫ |
| **ખાનગી** | ૪૧ | ૩૫૮૦ | ૩૦૬ | ૩૮૮૬ |
| **કુલ** | **૪૫** | **૪૦૮૦** | **૩૦૬** | **૪૩૮૬** |

(સરકારી–દેથળી, તા. સિધ્ધપુર, જિ. પાટણ)

મુખ્ય પેજ

## પેટા પ્રશ્ન ૩ (શ્રી અલ્પેશભાઇ ઠાકોર, ગાંધીનગર (દ)

- **આયુર્વેદ અને હોમિયોપેથી કોલેજોમાં MYSY (મુખ્યમંત્રી યુવા સ્વાલંબન) યોજના હેઠળ નાણાકીય વર્ષ ૨૦૨૨-૨૩ કેટલા લાભાર્થીઓને લાભ અપાયો? તથા ટ્યુશન, બુક તથા હોસ્ટેલ સહાય આપવામાં આવી?**

**જવાબ**

- કોલેજોમાં MYSY (મુખ્યમંત્રી યુવા સ્વાલંબન) યોજના હેઠળ નાણાકીય વર્ષ ૨૦૨૨-૨૩ દરમિયાન **૬૩૨૩** લાભાર્થીઓને લાભ અપાયો છે.
- જેમાં **રૂ. ૨૩,૭૬,૫૨,૭૫૦/-** ની ટ્યુશન સહાય આપવામાં આવી.
- તથા **રૂ. ૬,૪૩,૫૦૦/-**ની બુકની સહાય આપવામાં આવી.
- તથા **રૂ. ૩૭,૯૦,૪૦૦/-** ની હોસ્ટેલ સહાય આપવામાં આવી.

મુખ્ય પેજ

# પ્રશ્ન-૪

## પ્રશ્ન ક્રમાંક – ૧૫/૪/૨૫૯૮
## તા. ૨૯/૦૨/૨૦૨૪

## આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ

**માન. ધારાસભ્યશ્રી :** શ્રી અમિતભાઈ ચાવડા , આંકલાવ

**પ્રશ્ન :**– મેડીકલ કોલેજોમાં સ્નાતક અને અનુસ્નાતકની જગ્યાઓ

મુખ્ય પેજ

# મુળ પ્રશ્ન અને છાપ્યા મુજબનો જવાબ

**મેડીકલ કોલેજોમાં સ્નાતક અને અનુસ્નાતકની જગ્યાઓ**

* 15/4/2598**શ્રી અમિત ચાવડા(આંકલાવ) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે,-

| | પ્રશ્ન | | જવાબ |
|---|---|---|---|
| (૧) | તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ રાજ્યમાં કેટલી સરકારી મેડીકલ કોલેજો ક્યારથી કાર્યરત છે, | (૧) | તા.૩૧-૧૨-૨૦૨૩ની સ્થિતિએ રાજ્યમાં ૬ (છ) સરકારી મેડીકલ કોલેજો કાર્યરત છે, જેની વિગતો નીચે મુજબ છે. |

| **મેડીકલ કોલેજનું નામ** | **સ્થાપના વર્ષ** |
|---|---|
| બી.જે.મેડીકલ કોલેજ, અમદાવાદ | ૧૮૭૧ |
| સરકારી મેડીકલ કોલેજ, વડોદરા | ૧૯૪૯ |
| સરકારી મેડીકલ કોલેજ, સુરત | ૧૯૬૪ |
| એમ.પી.શાહ મેડીકલ કોલેજ, જામનગર | ૧૯૫૪ |
| પી.ડી.યુ. મેડીકલ કોલેજ, રાજકોટ | ૧૯૯૫ |
| સરકારી મેડીકલ કોલેજ, ભાવનગર | ૧૯૯૫ |

| | | | |
|---|---|---|---|
| (૨) | ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલી નવી સરકારી અને ખાનગી મેડીકલ કોલેજોને મંજૂરી આપવામાં આવી, | (૨) | ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં નીચે મુજબ નવી મેડીકલ કોલેજોને મંજૂરી આપવામાં આવેલ છે. |

| **કોલેજનો પ્રકાર** | **વર્ષ** | |
|---|---|---|
| | **૨૦૨૨** | **૨૦૨૩** |
| સરકારી | ૦૦ | ૦૦ |
| જી.એમ.ઈ.આર.એસ. (રાજ્ય સરકાર દ્વારા સંચાલિત) | ૦૫ | ૦૦ |
| ખાનગી | ૦૦ | ૦૪ |

| | | | |
|---|---|---|---|
| (૩) | ઉક્ત સ્થિતિએ સરકારી અને ખાનગી મેડીકલ કોલેજોમાં સ્નાતક અને અનુસ્નાતક કક્ષાએ કેટલી બેઠકો છે, અને | (૩) | ઉક્ત સ્થિતિએ સરકારી અને ખાનગી મેડીકલ કોલેજોમાં સ્નાતક અને અનુસ્નાતક કક્ષાની બેઠકો નીચે મુજબ છે. |

| **કોલેજનો પ્રકાર** | **સ્નાતક બેઠકો** | **અનુસ્નાતક બેઠકો** |
|---|---|---|
| સરકારી | ૧૪૦૦ | ૧૩૨૯ |
| જી.એમ.ઈ.આર.એસ. (રાજ્ય સરકાર દ્વારા સંચાલિત) | ૨૧૦૦ | ૧૧૪ |
| ખાનગી | ૩૫૦૦ | ૧૩૧૮ |
| એઈમ્સ | ૫૦ | ૦૦ |
| કુલ | ૭૦૫૦ | ૨૭૬૧ |

મુખ્ય પેજ

| | | | |
|---|---|---|---|
| (૪) | ઉક્ત સ્થિતિએ સરકારી અને ખાનગી મેડીકલ કોલેજોમાં સ્નાતક અને અનુસ્નાતક અભ્યાસક્રમની ફી કેટલી મંજૂર કરવામાં આવેલ છે? | (૪) | • સરકારી મેડીકલ કોલેજોમાં વાર્ષિક ફી સ્નાતક કક્ષામાં રૂ.૨૫,૦૦૦/– તથા અનુસ્નાતક કક્ષામાં મેડીકલ ડિગ્રી: રૂ.૩૦,૦૦૦/–, મેડીકલ ડિપ્લોમાં: રૂ.૨૦,૦૦૦/– અને સુપર સ્પેશ્યાલિટી કોર્ષમાં: રૂ.૪૦,૦૦૦/– મંજૂર કરવામાં આવેલ છે.<br>• જી.એમ.ઈ.આર.એસ. મેડીકલ કોલેજોમાં સ્નાતક અને અનુસ્નાતક અભ્યાસક્રમની મંજૂર કરેલ ફી અંગેનું પત્રક–૩ આ સાથે સામેલ છે.<br>• ખાનગી મેડીકલ કોલેજોમાં સ્નાતક અને અનુસ્નાતક અભ્યાસક્રમની મંજૂર કરેલ ફી અનુક્રમે પત્રક–૧, પત્રક–૨ માં સામેલ છે. |

**પત્રક ૧(સ્નાતક અભ્યાસક્રમ ની ફી)**

| ક્રમ. | કોલેજનુ નામ | ગવર્મેન્ટ ક્વોટા ૨૦૨૧–૨૨ (ફી રૂ.લાખ માં) | મેનેજમેન્ટક્વોટા ૨૦૨૧–૨૨ (ફી રૂ.લાખ માં) | ગવર્મેન્ટ ક્વોટા ૨૦૨૨–૨૩ (ફી રૂ.લાખ માં) | મેનેજમેન્ટ ક્વોટા ૨૦૨૨–૨૩ (ફી રૂ.લાખ માં) | ગવર્મેન્ટ ક્વોટા ૨૦૨૩–૨૪ (ફી રૂ.લાખ માં) | મેનેજમેન્ટક્વોટા ૨૦૨૩–૨૪ (ફી રૂ.લાખ માં) |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | સુરત મ્યુનિસિપલ ઈન્સ્ટિટ્યુટ ઑફ મેડીકલ એજ્યુકેશન એન્ડ રીસર્ચ, સુરત, | ૭.૬૫ | ૧૪.૮૨ | ૭.૬૫ | ૧૪.૮૨ | ૭.૬૫ | ૧૪.૮૨ |
| ૨ | સી.યુ.શાહ મેડીકલ કોલેજ, સુરેન્દ્રનગર | ૬.૨૬ | ૧૫.૦૦ | ૬.૨૬ | ૧૫.૦૦ | ૬.૨૬ | ૧૫.૦૦ |
| ૩ | જી.સી.એસ મેડીકલ કોલેજ, હોસ્પિટલ એન્ડ રીસર્ચ સેન્ટર અમદાવાદ, | ૮.૬૦ | ૧૫.૪૦ | ૮.૬૦ | ૧૫.૪૦ | ૮.૬૦ | ૧૫.૪૦ |
| ૪ | ગુજરાતઅદાણી ઈન્સ્ટીટયુટ ઓફ મેડીકલ સાયન્સીસ, ભૂજ(કચ્છ) | ૬.૬૫ | ૧૭.૯૦ | ૬.૬૫ | ૧૭.૯૦ | ૬.૬૫ | ૧૭.૯૦ |
| ૫ | પ્રમુખ સ્વામી મેડીકલ કોલેજ, કરમસદ | ૮.૭૦ | ૧૬.૧૦ | ૮.૭૦ | ૧૬.૧૦ | ૮.૭૦ | ૧૬.૧૦ |
| ૬ | શ્રીમતી એન.એચ.એલ. મ્યુનિસિપલ મેડીકલ કોલેજ, અમદાવાદ | ૫.૯૩ | ૧૮.૨૫ | ૫.૯૩ | ૧૮.૨૫ | ૫.૯૩ | ૧૮.૨૫ |
| ૭ | એ.એમ.સી.મેડીકલએજ્યુકેશનટ્રસ્ટ મેડીકલ કોલેજ, અમદાવાદ | ૭.૩૧ | ૧૮.૪૦ | ૭.૩૧ | ૧૮.૪૦ | ૭.૩૧ | ૧૮.૪૦ |
| ૮ | પારૂલ ઈન્સ્ટીટ્યુટ ઓફ મેડીકલ સાયન્સ એન્ડ રીસર્ચ,વાઘોડીયા | ૮.૨૫ | ૧૫.૭૫ | ૮.૨૫ | ૧૫.૭૫ | ૮.૨૫ | ૧૫.૭૫ |
| ૯ | બનાસ મેડીકલ કોલેજ, પાલનપુર | ૭.૬૫ | ૧૬.૦૦ | ૭.૬૫ | ૧૬.૦૦ | ૭.૬૫ | ૧૬.૦૦ |
| ૧૦ | ઝાયડસ મેડીકલ કોલેજ, દાહોદ | ૭.૬૫ | ૧૬.૦૦ | ૭.૬૫ | ૧૬.૦૦ | ૭.૬૫ | ૧૬.૦૦ |

મુખ્ય પેજ

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| ૧૧ | ડો.એમ.કે.શાહ મેડીકલ કોલેજ એન્ડ રીસર્ચ સેન્ટર, ચાંદખેડા,અમદાવાદ | ૮.૬૫ | ૧૬.૦૦ | ૮.૬૫ | ૧૬.૦૦ | ૮.૬૫ | ૧૬.૦૦ |
| ૧૨ | ડો.એન.ડી.દેસાઇ ફેકલ્ટી ઓફ મેડીકલ સાયન્સ એન્ડ રીસર્ચ, નડીયાદ | ૭.૮૫ | ૧૫.૦૦ | ૭.૮૫ | ૧૫.૦૦ | ૭.૮૫ | ૧૫.૦૦ |
| ૧૩ | નૂતન મેડીકલ કોલેજ એન્ડ રીસર્ચ સેન્ટર, વિસનગર, | ૭.૮૫ | ૧૫.૦૦ | ૭.૮૫ | ૧૫.૦૦ | ૭.૮૫ | ૧૫.૦૦ |
| ૧૪ | શાંતાબા મેડીકલ કોલેજ અને જનરલ હોસ્પિટલ, અમરેલી | ૬.૮૫ | ૧૫.૦૦ | ૬.૮૫ | ૧૫.૦૦ | ૬.૮૫ | ૧૫.૦૦ |
| ૧૫ | ડૉ.કિરણ સી પટેલ મેડીકલ કોલેજ એન્ડ રીસર્ચ ઇન્સ્ટીટ્યુટ,ભરૂચ | ૬.૮૫ | ૧૫.૦૦ | ૬.૮૫ | ૧૫.૦૦ | ૬.૮૫ | ૧૫.૦૦ |
| ૧૬ | સ્વામિનારાયણ ઇન્સ્ટીટ્યુટ ઓફ મેડીકલ સાયન્સ એન્ડ રીસર્ચ,કલોલ | – | – | - | - | ૮.૨૫ (ADHOC) | ૧૫.૭૫ (ADHOC) |
| ૧૭ | સાલ ઇન્સ્ટીટ્યુટ ઓફ મેડીકલ સાયન્સ, અમદાવાદ | – | – | - | - | ૮.૬૫ (ADHOC) | ૧૬.૦૦ (ADHOC) |
| ૧૮ | અનાનીયા કોલેજ ઓફ મેડીકલ એન્ડ રીસર્ચ,કલોલ | – | – | - | - | ૮.૨૫ (ADHOC) | ૧૫.૭૫ (ADHOC) |
| ૧૯ | કિરણ મેડીકલ કોલેજ,સુરત | – | – | - | - | ૮.૨૫ (ADHOC) | ૧૫.૭૫ (ADHOC) |

**પત્રક ૨ (અનુસ્નાતક અભ્યાસક્રમ ની ફી)******

| **ક્રમ.** | **કોલેજનુ નામ** | **ગવર્મેન્ટ ક્વોટા ૨૦૨૧–૨૨ (ફી રૂ.લાખ માં)** | **મેનેજમેન્ટક્વોટા ૨૦૨૧–૨૨ (ફી રૂ.લાખ માં)** | **ગવર્મેન્ટ ક્વોટા ૨૦૨૨–૨૩ (ફી રૂ.લાખ માં)** | **મેનેજમેન્ટક્વોટા ૨૦૨૨–૨૩ (ફી રૂ.લાખ માં)** | **ગવર્મેન્ટ ક્વોટા ૨૦૨૩–૨૪ (ફી રૂ.લાખ માં)** | **મેનેજમેન્ટ ક્વોટા ૨૦૨૩–૨૪ (ફી રૂ.લાખ માં)** |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | સુરત મ્યુનિસિપલ ઇન્સ્ટિટ્યુટ ઑફ મેડીકલ એજ્યુકેશન એન્ડ રીસર્ચ, સુરત, | ૧૫.૮૦ | ૩૦.૪૫ | ૧૫.૮૦ | ૩૦.૪૫ | ૧૫.૮૦ | ૩૦.૪૫ |
| ૨ | સી.યુ.શાહ મેડીકલ કોલેજ, સુરેન્દ્રનગર | ૧૬.૨૯ | ૨૫.૦૦ | ૧૬.૨૯ | ૨૫.૦૦ | ૧૬.૨૯ | ૨૫.૦૦ |
| ૩ | જી.સી.એસ મેડીકલ કોલેજ, હોસ્પિટલ એન્ડ રીસર્ચ સેન્ટર અમદાવાદ | ૧૫.૯૭ | ૨૫.૪૦ | ૧૫.૯૭ | ૨૫.૪૦ | ૧૫.૯૭ | ૨૫.૪૦ |

મુખ્ય પેજ

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| ૪ | ગુજરાતઅદાણી ઈન્સ્ટીટયુટ ઓફ મેડીકલ સાયન્સીસ, ભૂજ(કચ્છ) | ૧૭.૧૦ | ૨૩.૦૦ | ૧૭.૧૦ | ૨૩.૦૦ | ૧૭.૧૦ | ૨૩.૦૦ |
| ૫ | પ્રમુખ સ્વામી મેડીકલ કોલેજ, કરમસદ | ૭.૧૦ | ૨૮.૨૯ | ૭.૧૦ | ૨૮.૨૯ | ૭.૧૦ | ૨૮.૨૯ |
| ૬ | શ્રીમતી એન.એચ.એલ. મ્યુનિસિપલ મેડીકલ કોલેજ, અમદાવાદ | ૩.૩૪ | ૨૨.૦૫ | ૩.૩૪ | ૨૨.૦૫ | ૩.૩૪ | ૨૨.૦૫ |
| ૭ | એ.એમ.સી.મેડીકલએજયુકેશનટ્રસ્ટ મેડીકલ કોલેજ, અમદાવાદ | ૮.૦૬ | ૨૪.૩૩ | ૮.૦૬ | ૨૪.૩૩ | ૮.૦૬ | ૨૪.૩૩ |
| ૮ | પારૂલ ઈન્સ્ટીટ્યુટ ઓફ મેડીકલ સાયન્સ એન્ડ રીસર્ચ,વાઘોડીયા | ૧૫.૯૭ (PROVISIONAL) | ૨૫.૪૦ (PROVISIONAL) | ૧૫.૯૭ (PROVISIONAL) | ૨૫.૪૦ (PROVISIONAL) | ૧૫.૯૭ (PROVISIONAL) | ૨૫.૪૦ (PROVISIO |
| ૯ | ઝાયડસ મેડીકલ કોલેજ, દાહોદ | – | – | – | – | ૧૫.૯૭ (ADHOC) | ૨૫.૪૦ (ADHOC) |
| ૧૦ | ડો.એમ.કે.શાહ મેડીકલ કોલેજ એન્ડ રીસર્ચ સેન્ટર, ચાંદખેડા,અમદાવાદ | ૧૬.૨૯ | ૨૮.૨૯ | ૧૬.૨૯ | ૨૮.૨૯ | ૧૬.૨૯ | ૨૮.૨૯ |

*****The College/Institutions can devise a fee structure, if the circumstances so warrant, providing differential fee for different degree/diploma courses, provided the average fees, charged from all the students is maintained at par with the fee structure determined by the committee.**

મુખ્ય પેજ

પત્રક ૩

જી.એમ.ઈ.આર.એસ. હેઠળની મેડીકલ કોલેજોમાં ફીના ધોરણ નીચે મુજબ છે.

**સ્નાતક ફીના ધોરણ:**

| સરકારી ક્વોટા | મેનેજમેન્ટ ક્વોટા | NRI ક્વોટા |
|---|---|---|
| રૂ.૩,૩૦,૦૦૦/- | રૂ.૯,૦૭,૫૦૦/- | ૨૨,૦૦૦ યુ.એસ. ડોલર અથવા સમકક્ષ વિદેશી ચલણ |

**અનુસ્નાતક ફીના ધોરણ :**

| અનુ. નં. | વિષય | સરકારી | મેનેજમેન્ટ | NRI |
|---|---|---|---|---|
| ૧ | એનેસ્થેશિયોલોજી | ૧૧,૨૫,૦૦૦/- | ૧૬,૮૮,૦૦૦/- | ૩૩,૭૫,૦૦૦/- |
| ૨ | ડર્મેટોલોજી | ૧૦,૦૦,૦૦૦/- | ૧૫,૦૦,૦૦૦/- | ૩૦,૦૦,૦૦૦/- |
| ૩ | માઇક્રોબાયોલોજી | ૫,૭૫,૦૦૦/- | ૮,૬૩,૦૦૦/- | ૧૭,૨૫,૦૦૦/- |
| ૪ | ઓબ્સ & ગાયનેકોલોજી | ૧૧,૨૫,૦૦૦/- | ૧૬,૮૮,૦૦૦/- | ૩૩,૭૫,૦૦૦/- |
| ૫ | ઓપ્થલ્મોલોજી | ૧૦,૦૦,૦૦૦/- | ૧૫,૦૦,૦૦૦/- | ૩૦,૦૦,૦૦૦/- |
| ૬ | ઓટોરીનોલેરીંગોલોજી | ૮,૭૫,૦૦૦/- | ૧૩,૧૩,૦૦૦/- | ૨૬,૨૫,૦૦૦/- |
| ૭ | પેથોલોજી | ૬,૨૫,૦૦૦/- | ૯,૩૮,૦૦૦/- | ૧૮,૭૫,૦૦૦/- |
| ૮ | સાયક્યાટ્રી | ૮,૭૫,૦૦૦/- | ૧૩,૧૩,૦૦૦/- | ૨૬,૨૫,૦૦૦/- |
| ૯ | રેસ્પીરિટરી મેડીસીન | ૮,૭૫,૦૦૦/- | ૧૩,૧૩,૦૦૦/- | ૨૬,૨૫,૦૦૦/- |

મુખ્ય પેજ

# પુરક નોંધ

**છેલ્લા બે વર્ષમાં નવી મંજુર થયેલ કોલેજોની વિગત.**

- વર્ષ **૨૦૨૨માં** (૧) જી.એમ.ઈ.આર.એસ. મેડીકલ કોલેજ, મોરબી (૨) જી.એમ.ઈ.આર.એસ. મેડીકલ કોલેજ, રાજપીપળા (૩) જી.એમ.ઈ.આર.એસ. મેડીકલ કોલેજ, નવસારી (૪) જી.એમ.ઈ.આર.એસ. મેડીકલ કોલેજ, પોરબંદર (૫) જી.એમ.ઈ.આર.એસ. મેડીકલ કોલેજ, ગોધરા શરૂ કરવામાં આવેલ છે.
- વર્ષ **૨૦૨૩**માં રાજ્યમાં (૧) અનન્યા કોલેજ ઓફ મેડીસીન એન્ડ રિસર્ચ, કલોલ-૧૫૦ બેઠકો (૨) સ્વામીનારાયણ ઈન્સ્ટીટ્યુટ ઓફ મેડીકલ સાયન્સ એન્ડ રિસર્ચ, કલોલ-૧૫૦ બેઠકો (૩) સાલ ઈન્સ્ટીટ્યુટ ઓફ મેડીકલ સાયન્સ, અમદાવાદ-૧૫૦ બેઠકો (૪) કિરણ મેડીકલ કોલેજ, સુરત-૧૫૦ બેઠકો શરૂ કરવામાં આવેલ છે.

- **રાજ્યમાં હાલ કાર્યરત કુલ મેડીકલ કોલેજો :-**

| કોલેજો | સંખ્યા | બેઠકો યુ.જી | બેઠકો પી.જી |
|---|---|---|---|
| સરકારી મેડીકલ કોલેજો | ૬ | ૧૪૦૦ | ૧૩૩૫ |
| જી.એમ.ઈ.આર.એસ. મેડીકલ કોલેજો | ૧૩ | ૨૧૦૦ | ૩૦૦ |
| મ્યુનિસિપલ કોર્પોરેશન સંચાલિત મેડીકલ કોલેજ | ૩ | ૭૦૦ | ૬૧૦ |
| સ્વ-નિર્ભર મેડીકલ કોલેજો | ૧૦ | ૧૫૫૦ | ૪૮૦ |
| સ્વ-નિર્ભર(ગ્રીન ફીલ્ડ) મેડીકલ કોલેજો | ૨ | ૩૦૦ | ૦૦ |
| સ્વ-નિર્ભર (બ્રાઉન ફીલ્ડ) કોલેજો | ૪ | ૮૦૦ | ૬૩ |
| એઈમ્સ, રાજકોટ (ભારત સરકાર) | ૧ | ૫૦ | ૦૦ |
| ડીમ્ડ યુનિવર્સિટી (સુમનદીપ વાઘોડિયા) | ૧ | ૧૫૦ | ૧૫૯ |
| **કુલ :-** | **૪૦** | **૭૦૫૦** | **૨૯૪૭** |

મુખ્ય પેજ

- **નોંધ :**
- જી.એમ.ઇ.આર.એસ.ની પી.જી.ની ઉપર દર્શાવેલ ૩૦૦ બેઠકોમાં ૧૮૬ બેઠકો ડી.એન.બી. ની છે. જેને બાદ કરતાં રાજ્યમાં કુલ પી.જી. બેઠકો ૨૭૬૧ થાય.
- ઉપરોક્ત ૨૯૪૭ બેઠકોમાં સી.પી.એસ.બેઠકોનો સમાવેશ થતો નથી.
- સી.પી.એસ. કોર્ષ ડિસ્ટ્રીક્ટ/સબ ડિસ્ટ્રીક્ટ હોસ્પિટલો અને ખાનગી હોસ્પિટલોમાં ચાલતાં હોય છે. રાજ્યમાં સી.પી.એસ. ની **કુલ ૨૭૮** (૨૦૮ સરકારી+૭૦ ખાનગી) બેઠકો ઉપલબ્ધ છે.
- આ ઉપરાંત રાજ્યમાં **૧૩૧** સુપર સ્પેશ્યાલિટી બેઠકો છે.

**મેડીકલ અભ્યાસક્રમો :-**

| | **૩ વર્ષના અનુસ્નાતક અભ્યાસક્રમ** | **૨ વર્ષના અનુસ્નાતક અભ્યાસક્રમ** |
|---|---|---|
| **નેશનલ મેડીકલ કમિશન માન્ય** | એમ.ડી/એમ.એસ. | પી.જી. ડિપ્લોમાં |
| **નેશનલ બોર્ડ ઓફ એક્ઝામિનેશન માન્ય** | ડી.એન.બી. (ડિપ્લોમેટ ઓફ નેશનલ બોર્ડ) | ડી.એન.બી. ડિપ્લોમાં |
| **સી.પી.એસ. મુંબઇ** | ૦ | સી.પી.એસ. ડિપ્લોમાં |

મુખ્ય પેજ

## ➢ છેલ્લા ૨ દશકામાં કોલેજો તથા બેઠકોમાં થયેલ વધારો ...

| | **વર્ષ ૨૦૦૧** | **વર્ષ ૨૦૨૪** |
|---|---|---|
| કોલેજ | ૧૦ | ૪૦ (૪૦૦ % વધારો) |
| સ્નાતક (બેઠક) | ૧૨૭૫ | ૭૦૫૦ (૫૫૩ % વધારો) |
| અનુસ્નાતક (બેઠક) | ૮૩૦ | ૨૯૪૭ (૩૫૫ % વધારો) |

**પ્રોજેક્શન :-**

- રાજ્યમાં વર્ષ ૨૦૨૬-૨૭ સુધીમાં સ્નાતક બેઠકોમાં હાલની બેઠકો ઉપરાંત વધારો કરીને કુલ બેઠકો **૮૫૫૦** સુધી લઇ જવાનું તેમજ અનુસ્નાતક બેઠકોને પણ **૩૫૭૦** બેઠકો સુધી લઇ જવાનુ આયોજન છે.
- નેશનલ મેડીકલ કમિશનના તા.૧૫/૦૯/૨૦૨૩ ના પબ્લિક નોટીસ મુજબ નવી મેડીકલ કોલેજ ખોલવા માટે દર ૧૦ લાખની વસ્તીએ એમ.બી.બી.એસ.ની ૧૦૦ બેઠકનો રેશીયો જાળવવાનો રહે છે. (તા.૧૫/૧૧/૨૦૨૩ ની નવી નોટીસથી ઉપરોક્ત શરત એકેડેમીક વર્ષ ૨૦૨૫-૨૬ થી લાગુ પાડવામાં આવનાર છે.)

## ➢ જીલ્લા દિઠ કોલેજોની સંખ્યા

| **ક્રમ** | **જિલ્લો** | **કોલેજો** | | | | **કુલ** |
|---|---|---|---|---|---|---|
| | | **સરકારી** | **જી.એમ.ઇ.આર.એસ.** | **ખાનગી** | **કોર્પોરેશન** | |
| ૧ | અમદાવાદ | ૧ | ૧ | ૩ | ૨ | ૭ |
| ૨ | અમરેલી | ૦ | ૦ | ૧ | ૦ | ૧ |
| ૩ | આણંદ | ૦ | ૦ | ૧ | ૦ | ૧ |
| ૪ | અરવલ્લી | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| ૫ | બનાસકાંઠા | ૦ | ૦ | ૧ | ૦ | ૧ |
| ૬ | ભરૂચ | ૦ | ૦ | ૧ | ૦ | ૧ |

મુખ્ય પેજ

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| ૭ | ભાવનગર | ૧ | ૦ | ૦ | ૦ | ૧ |
| ૮ | છોટાઉદેપુર | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| ૯ | દાહોદ | ૦ | ૦ | ૧ | ૦ | ૧ |
| ૧૦ | ડાંગ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| ૧૧ | ગાંધીનગર | ૦ | ૧ | ૨ | ૦ | ૩ |
| ૧૨ | જામનગર | ૧ | ૦ | ૦ | ૦ | ૧ |
| ૧૩ | જુનાગઢ | ૦ | ૧ | ૦ | ૦ | ૧ |
| ૧૪ | કચ્છ | ૦ | ૦ | ૧ | ૦ | ૧ |
| ૧૫ | ખેડા | ૦ | ૦ | ૧ | ૦ | ૧ |
| ૧૬ | મહિસાગર | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| ૧૭ | પાટણ | ૦ | ૧ | ૦ | ૦ | ૧ |
| ૧૮ | રાજકોટ | ૨* | ૦ | ૦ | ૦ | ૨ |
| ૧૯ | સાબરકાંઠા | ૦ | ૧ | ૦ | ૦ | ૧ |
| ૨૦ | સુરત | ૧ | ૦ | ૧ | ૧ | ૩ |
| ૨૧ | સુરેન્દ્રનગર | ૦ | ૦ | ૧ | ૦ | ૧ |
| ૨૨ | તાપી | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| ૨૩ | વડોદરા | ૧ | ૧ | ૨ | ૦ | ૪ |
| ૨૪ | વલસાડ | ૦ | ૧ | ૦ | ૦ | ૧ |
| ૨૫ | મોરબી | ૦ | ૧ | ૦ | ૦ | ૧ |
| ૨૬ | નર્મદા | ૦ | ૧ | ૦ | ૦ | ૧ |
| ૨૭ | નવસારી | ૦ | ૧ | ૦ | ૦ | ૧ |
| ૨૮ | પંચમહાલ | ૦ | ૧ | ૦ | ૦ | ૧ |
| ૨૯ | પોરબંદર | ૦ | ૧ | ૦ | ૦ | ૧ |
| ૩૦ | બોટાદ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| ૩૧ | દેવભુમિ દ્વારકા | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| ૩૨ | ગીર સોમનાથ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| ૩૩ | મહેસાણા | ૦ | ૧ | ૧ | ૦ | ૨ |
| | **કુલ** | **૭** | **૧૩** | **૧૭** | **૩** | **૪૦** |

## બાકી જિલ્લાઓનું આયોજન.

મુખ્ય પેજ

- બોટાદ, દેવભુમિ દ્વારકા તથા ગીર સોમનાથ ૦૩ જીલ્લા ખાતે નવી મેડીકલ કોલેજોના બાંધકામ માટે સંયુક્ત રીતે રૂ. ૫૦ લાખની વર્ષ: ૨૦૨૩-૨૪ના બજેટમાં જોગવાઈ કરવામાં આવેલ છે.
- રાજ્ય સરકાર દ્વારા આરોગ્ય નીતિ ૨૦૧૬ અંતર્ગત આ ૦૩ જિલ્લાઓ ખાતે નવી સ્વનિર્ભર(બ્રાઉનફિલ્ડ) મેડીકલ કોલેજ શરૂ કરવા માટે યોગ્યતા ધરાવતી સંસ્થાઓ પાસેથી અરજીઓ મંગાવવામાં આવેલ છે જે રાજ્ય સરકારની વિચારણા હેઠળ છે.

| જીલ્લા | મળેલ અરજીઓ | રિમાર્ક્સ |
|---|---|---|
| બોટાદ | ૫ | ૧ ફી ભરેલ નથી, ૪ વિચારણામાં લેવાની થાય |
| દેવભુમિ દ્વારકા | ૫ | ૧ ફી ભરેલ નથી, ૪ વિચારણામાં લેવાની થાય |
| ગીર સોમનાથ | ૭ | ૧ ફી ભરેલ નથી, ૬ વિચારણામાં લેવાની થાય |
| **કુલ :-** | **૧૭** | **૧૪ વિચારણામાં લેવાની થાય** |

- મળેલ અરજીઓની વિભાગ કક્ષાએ અગ્રસચિવશ્રીની અધ્યક્ષતામાં બનેલ સમિતિ દ્વારા ચકાસણી કરવામાં આવે છે. અને ત્યારબાદ સરકારશ્રી દ્વારા નિર્ણય લેવામાં આવે છે.
- આ ઉપરાંત રાજ્યના મહીસાગર, અરવલ્લી, છોટા ઉદેપુર, ડાંગ, આણંદ, ખેડા એમ **કુલ-૬ જીલ્લાને** બ્રાઉનફીલ્ડ મેડીકલ કોલેજ બનાવવા પાત્ર વિસ્તાર તરીકે ગણેલ છે. જેની અરજીઓ મેળવવા માટેની જાહેરાત આપવાની બાકી છે.

## નવી સ્વ-નિર્ભર બ્રાઉન ફીલ્ડ મેડીકલ કોલેજની સ્થાપના કરવાના લીધે ઉપલબ્ધ થનાર સગવડો

મુખ્ય પેજ

- બોટાદ ખાતેની હયાત હોસ્પિટલને અપગ્રેડ કરી બ્રાઉન ફીલ્ડ મેડીકલ કોલેજ બનતા **પથારીની સંખ્યામાં વધારો થશે** અને જેમાં આરોગ્ય નીતી–૨૦૧૬ મુજબ હયાત પથારીઓ સુધી **નિશુલ્કઃ સારવાર** દર્દીઓને ઉપલબ્ધ થશે.
- બોટાદ ખાતે નિર્માણ પામનાર બ્રાઉન ફિલ્ડ મેડીકલ કોલેજને કારણે રાજ્યની **એમ.બી.બી.એસ. બેઠકોમાં વધારો થશે.**
- આ તમામ બેઠકોની **પ્રવેશ પ્રક્રિયા** પારદર્શક રીતે રાજયની કેન્દ્રીય **પ્રવેશ સમિતી દ્વારા** કરવામાં આવશે.
- આ કોલેજની પ્રવેશ પ્રક્રિયામાં રાજય સરકાર દ્વારા પ્રવર્તમાન ધારાધોરણ અનુસાર **અનામતની જોગવાઇ** પણ કરવામાં આવશે.
- આ કોલેજ ખાતે પ્રવેશ મેળવનાર ગરીબ અને જરૂરીયાતમંદ તેજસ્વી વિદ્યાર્થીઓને રાજય સરકારની મુખ્યમંત્રી યુવા સ્વંલબન યોજના, કન્યા કેળવણી નિધિ તથા અન્ય તમામ **શિષ્યવૃતિનો લાભ** મળશે.
- નવી મેડીકલ કોલેજ ચાલુ થવાથી સંલગ્ન હોસ્પિટલ ખાતે નેશનલ મેડીકલ કમિશનના ધારાધોરણ મુજબના તમામ રોગના જેવા કે મેડીસીન, સર્જરી, ગાયનેકોલોજી, ઓર્થોપેડીક્સ, રેડીયોલોજી, આંખ, કાન–નાક–ગળા, એનેસ્થેસિયા, પેડીયાટ્રીક્સ, વિગેરે વિષયોના **નિષ્ણાત તબીબો ઉપલબ્ધ થશે.**
- નેશનલ મેડીકલ કમિશનના નિયમોનુસાર મેડીકલ કોલેજ ચાલુ કરવા માટે વિદ્યાર્થીઓની બેઠકોની સાથે સાથે જરૂરી હોસ્પિટલની પથારીઓની સંખ્યામાં વધારો થશે, જેનો દર્દીઓને સીધેસીધો લાભ મળશે.
- આધુનિક સ્વાસ્થ્ય સુવિધા સરળ રીતે ઘર આંગણે મળી રહેશે. જિલ્લા કક્ષાની હોસ્પિટલ ખાતે ઉચ્ચકક્ષાના આરોગ્ય વિષયક **અધ્યતન સાધનો** ઉપલબ્ધ થશે, **ઓપરેશન થીયેટરોની સંખ્યામાં વધારો** થશે, **સીટી સ્કેન, એમ.આર.આઇ.** જેવા મશીનો ઉપલબ્ધ થશે. જેનાથી

મુખ્ય પેજ

દર્દીઓને સારવાર લેવામાં દૂર નહી જવું પડે અને તેઓના વતનમાં જ સેવાઓ ઉપલબ્ધ થશે.

- મેડીકલ કોલેજ બનવાથી ભવિષ્યમાં હોસ્પિટલ ખાતે જ **સુપર સ્પેશ્યાલીટી સેવાઓ,** રાજ્ય સરકારની આરોગ્યને લગતી **તમામ યોજનાઓનો લાભ** મળશે જેવી કે પી.એમ.જે.એ.વાય.,મા અમૃતમ વિગેરે
- **સરકારે કરેલ ખર્ચ**
- રાજય સરકાર દ્વારા જીએમઈઆર સોસાયટી હેઠળ છેલ્લા ૨૦ વર્ષમાં ૧૩ નવી મેડીકલ કોલેજો ઉભી કરી છે.
- અગાઉની ૮ જીએમઈઆર સોસાયટી હસ્તકની મેડીકલ કોલેજો શરૂ કરવાથી **દર વર્ષે ઓલ ઈન્ડીયા ક્વોટામાં ૧૫% લેખે MBBSની બેઠકો આપવાની જરૂરીયાત રહેતી નથી.** જેથી **૨૪૦** જેટલી MBBS અભ્યાસક્રમની બેઠકો રાજ્યના તબીબી વિદ્યાર્થીઓ માટે ઉપલબ્ધ થાય છે. એવી જ રીતે અનુસ્નાતક અભ્યાસક્રમમાં પણ ૫૦% બેઠકો ઓલ ઈન્ડીયા ક્વોટામાં જતી હતી જે બેઠકો પણ હવે રાજ્યના તબીબી વિદ્યાર્થીઓને ઉપલબ્ધ થાય છે. (નવી પાંચને આ બાબત લાગુ પડતી નથી)
- સોસાયટીની ૧૩ કોલેજોના સંચાલન માટે અત્યાર સુધીમાં રાજ્ય સરકારે ૫૨૪૪ કરોડની રકમ ફાળવેલ છે. જેની સામે ટ્યુશન ફી ની આવક ૨૨૧૬ કરોડ થયેલ છે. યુ.જી.ની ૨૧૦૦ તથા પી.જી.ની ૩૦૦ મળી કુલ ૨૪૦૦ વિદ્યાર્થીઓમાંથી ૧૭૪૩ (૭૨%) વિદ્યાર્થી સરકારશ્રીની વિવિધ શિષ્યવૃતિ યોજનાઓ જેવી કે MYSY, કન્યા કેળવણી, પોસ્ટ મેટ્રીક સ્કોલરશીપ યોજના, CMSS યોજના તેમજ

મુખ્ય પેજ

ક્ષી શીપ કાર્ડ યોજનાઓનો લાભ મેળવી ફી માં રાહત મેળવતાં હોય છે.

- આ ઉપરાંત ૮ કોલેજોના બાંધકામ માટે રાજ્ય સરકારે અત્યાર સુધીમાં ૪૨૮૭ કરોડ ફાળવેલ છે અને નવી ૫ કોલેજોને રાજ્યના ૪૦ % અને કેન્દ્રના ૬૦ % લેખે ૯૭૬ કરોડ ફાળવેલ છે.
- **આ ઉપરાંત રાજ્યમાં ૬ સરકારી મેડીકલ કોલેજોમાં યુ.જી. ની ૧૪૦૦ બેઠકો તથા પી.જી. ની ૧૩૨૯ બેઠકો ઉપલબ્ધ છે. વર્ષ ૨૦૨૩–૨૪ માં રાજ્ય સરકારે ૮૯૫ કરોડની જોગવાઈ કરેલ છે. જેની સામે ફી ની આવક માત્ર ૭.૩૭ કરોડ છે.**

## ફી નિર્ધારણ જોગવાઈઓ :– (ખાનગી કોલેજો માટે)

- શિક્ષણ વિભાગના ઠરાવ ક્રમાંકઃએસસીએફ/ ૨૦૦૩/સીસી/૫૦/સ, તા.૨૬/૧૨/૨૦૦૩ થી નામ. સુપ્રિમ કોર્ટના આદેશાનુસાર એક ફી કમીટીની રચના કરેલ છે. જે કમીટી દ્વારા સને–૨૦૦૪–૦૫ થી રાજયમાં સ્વનિર્ભર મેડીકલ/ડેન્ટલ/ફીઝીયોથેરાપી/નર્સીંગ કોલેજની સ્નાતક અને અનુસ્નાતક કોર્ષના ફી અને ધોરણો નકકી કરવામાં આવે છે.
- ગુજરાત એક્ટ નં.૩ ઓફ ૨૦૦૮– ગુજરાત પ્રોફેશનલ મેડીકલ એજયુકેશન કોલેજીસ ઓર ઈન્સ્ટીટ્યુશન્સ (રેગ્યુલેશન ઓફ એડમીશન એન્ડ ફીક્સેશન ઓફ ફીસ) એક્ટ–૨૦૦૭ (ઓફ એડમીશન એન્ડ ફિક્સેશન ઓફ ફીસની કલમ (૧૦) અને (૧૧) મુજબ ફી રેગ્યુલેશન કમિટિ દ્વારા સ્વનિર્ભર સંસ્થોઓની નીચે મુજબના પરિબળોને ધ્યાનમાં રાખીને ફી નિર્ધારીત કરવામાં આવે છે.

  ૧. સંસ્થાનું સ્થળ

  ૨. સંસ્થાનો પ્રકાર

મુખ્ય પેજ

૩. ઉપલબ્ધ ઈન્ફ્રાસ્ટ્રક્ચર
૪. વહીવટી તેમજ માવજતનો ખર્ચ
૫. સંસ્થાના વિકાસ માટેનો વધારોનો ખર્ચ
૬. કમિટિ અથવા રાજ્ય સરકાર દ્વારા સૂચિત અન્ય પરિબળો
૭. ઓડીટ રીપોર્ટનું પૃથક્કરણ.

# પેટા પ્રશ્નો

## અગ્રતા ક્રમ :૦૪
## પ્રશ્ન ક્રમાંક : ૧૫/૪/૨૫૯૮
## તા.૨૯/૦૨/૨૦૨૪
## આરોગ્ય વિભાગ

**માન.ધારાસભ્યશ્રી : શ્રી અમીત ચાવડા (આંકલાવ)**

**પ્રશ્નઃ– મેડીકલ કોલેજોમાં સ્નાતક અને અનુસ્નાતકની જગ્યાઓ**

| પેટા પ્રશ્ન ક્રમાંક | પ્રશ્નની વિગત | ધારાસભ્યશ્રીનું નામ |
|---|---|---|
| ૧ | ➢ રાજ્યમાં હાલ કુલ કેટલી સરકારી/ખાનગી/સ્વનિર્ભર મેડીકલ કોલેજો કાર્યરત છે ? અને<br>➢ રાજ્યમાં તા.૩૧/૧૨/૨૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર સ્નાતકની તથા અનુસ્નાતકની બેઠકોમાં કેટલો વધારો થયો છે? | શ્રી યોગેશભાઇ પટેલ, આણંદ |
| ૨ | ➢ રાજ્ય સરકાર દ્વારા નવી મેડીકલ કોલેજ બનાવવા માટે કોઈ પ્રોત્સાહક યોજના અમલમાં છે કે કેમ? જો હા તો તે યોજનાનો સમયગાળો કેટલો છે?<br>➢ રાજ્યમાં આવી નિતી અંતર્ગત કેટલી મેડીકલ કોલેજો કાર્યરત છે? તથા રાજ્યમાં કયા કયા જીલ્લાઓમાં આ નિતી અંતર્ગત મેડીકલ કોલેજ બનાવવાનું આયોજન છે ? | શ્રી અમિત ઠાકર, વેજલપુર |
| ૩ | અનુસ્નાતક અને સુપરસ્પેશ્યાલીટી અભ્યાસક્રમની પ્રવેશ પ્રક્રિયા શું છે? | શ્રીમતી રીટાબેન પટેલ, ગાંધીનગર (દ) |
| ૪ | સ્વનિર્ભર મેડીકલ કોલેજોમાં ફી નિર્ધારણ કઇ રીતે કરવામાં આવે છે? | શ્રી ગોવિંદભાઇ પરમાર, ઉમરેઠ |

મુખ્ય પેજ

**અગ્રતાક્રમ–૪**
**તારાંકિત પ્રશ્ન ક્રમાંક–૧૫/૪/૨૫૯૮**
**આરોગ્ય વિભાગ**
**તા.૨૯/૦૨/૨૦૨૪**

પેટા પ્રશ્ન-૧ (શ્રી યોગેશભાઇ પટેલ, આણંદ)

- **રાજયમાં હાલ કુલ કેટલી સરકારી/ખાનગી/સ્વનિર્ભર મેડીકલ કોલેજો કાર્યરત છે ? અને**
- **રાજયમાં તા.૩૧/૧૨/૨૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર સ્નાતકની તથા અનુસ્નાતકની બેઠકોમાં કેટલો વધારો થયો છે?**

**જવાબ–**

- રાજયમાં હાલમાં ૦૬–સરકારી મેડીકલ કોલેજો, ૧૩–જીએમઈઆરએસ મેડીકલ કોલેજો, ૨૦– સ્વનિર્ભર મેડીકલ કોલેજો અને ૦૧–એઈમ્સ મેડીકલ કોલેજ એમ મળીને કુલ ૪૦ મેડીકલ કોલેજો કાર્યરત છે.

- રાજયમાં મેડીકલની **સ્નાતકની** બેઠકોમાં છેલ્લા બે વર્ષમાં વર્ષવાર થયેલ વધારો જોઈએ તો..

| **કોલેજનો પ્રકાર** | **વર્ષ** | | **કુલ** |
|---|---|---|---|
| | **૨૦૨૨–૨૩** | **૨૦૨૩–૨૪** | |
| સરકારી | ૦૦ | ૦૦ | **૦૦** |
| જીએમઈઆરએસ | ૫૦૦ | ૦૦ | **૫૦૦** |
| સ્વ–નિર્ભર | ૧૫૦ | ૭૦૦ | **૮૫૦** |
| એઈમ્સ | ૦૦ | ૦૦ | **૦૦** |
| **કુલ** | **૬૫૦** | **૭૦૦** | **૧૩૫૦** |

મુખ્ય પેજ

➢ **રાજયમાં મેડીકલની અનુસ્નાતકની બેઠકોમાં છેલ્લા બે વર્ષમાં વર્ષવાર થયેલ વધારો નીચે મુજબ છે.**

| કોલેજનો પ્રકાર | વર્ષ | | **કુલ** |
|---|---|---|---|
| | ૨૦૨૨–૨૩ | ૨૦૨૩–૨૪ | |
| સરકારી | ૦૦ | ૨૧૬ | ૨૧૬ |
| જીએમઇઆરએસ | ૦૦ | ૨૭ | ૨૭ |
| સ્વ–નિર્ભર | ૧૧૭ | ૧૭૧ | ૨૮૮ |
| **કુલ** | **૧૧૭** | **૪૧૪** | **૫૩૧** |

મુખ્ય પેજ

પેટા પ્રશ્ન-૨ (શ્રી અમિત ઠાકર, વેજલપુર)

- **રાજ્ય સરકાર દ્વારા નવી મેડીકલ કોલેજ બનાવવા માટે કોઈ પ્રોત્સાહક યોજના અમલમાં છે કે કેમ? જો હા તો તે યોજનાનો સમયગાળો કેટલો છે?**
- **રાજ્યમાં આવી નિતી અંતર્ગત કેટલી મેડીકલ કોલેજો કાર્યરત છે? તથા રાજ્યમાં કયા કયા જીલ્લાઓમાં આ નિતી અંતર્ગત મેડીકલ કોલેજ બનાવવાનું આયોજન છે ?**

**જવાબ–**

- રાજ્ય સરકાર દ્વારા નવી મેડીકલ કોલેજ બનાવવા માટે આરોગ્ય નીતિ–૨૦૧૬ યોજના જાહેર કરેલ છે.

(૧)જેમાં રાજયમાં સરકારી હોસ્પિટલો ખાતે નવી સ્વ–નિર્ભર (બ્રાઉન ફિલ્ડ) મેડીકલ કોલેજની સ્થાપના કરવા માટેની પ્રોત્સાહક યોજના અને

(૨) રાજયમાં નવી સ્વ નિર્ભર (ગ્રીન ફિલ્ડ) મેડીકલ કોલેજની સ્થાપના કરવા માટેની પ્રોત્સાહક યોજના જાહેર કરેલ છે.

આ યોજનાનો સમયગાળો તા.૩૧/૩/૨૦૨૨ નો હતો જે તા.૩૧/૩/૨૦૨૫ સુધી લંબાવવામાં આવેલ છે.

- રાજયમાં હાલમાં આરોગ્ય નીતી–૨૦૧૬ અંતર્ગત ૦૪–બ્રાઉન ફીલ્ડ મેડીકલ કોલેજો અને ૦૨–ગ્રીન ફીલ્ડ મેડીકલ કોલેજો એમ મળીને કુલ ૦૬ મેડીકલ કોલેજો આરોગ્ય નીતી–૨૦૧૬ હેઠળ કાર્યરત છે.

મુખ્ય પેજ

**<u>બાકી જિલ્લાઓનું આયોજન.</u>**

- રાજ્ય સરકાર દ્વારા આરોગ્ય નીતિ ૨૦૧૬ અંતર્ગત બોટાદ, દેવભુમિ દ્વારકા તથા ગીર સોમનાથ ૦૩ જીલ્લા ખાતે નવી સ્વનિર્ભર(બ્રાઉનફિલ્ડ) મેડીકલ કોલેજ શરૂ કરવા માટે યોગ્યતા ધરાવતી સંસ્થાઓ પાસેથી અરજીઓ મંગાવવામાં આવેલ છે જે રાજ્ય સરકારની વિચારણા હેઠળ છે.

| **જીલ્લા** | **મળેલ અરજીઓ** | **રિમાર્ક્સ** |
|---|---|---|
| બોટાદ | ૫ | ૧ ફી ભરેલ નથી, ૪ વિચારણામાં લેવાની થાય |
| દેવભુમિ દ્વારકા | ૫ | ૧ ફી ભરેલ નથી, ૪ વિચારણામાં લેવાની થાય |
| ગીર સોમનાથ | ૭ | ૧ ફી ભરેલ નથી, ૬ વિચારણામાં લેવાની થાય |
| **કુલ :-** | **૧૭** | **૧૪ વિચારણામાં લેવાની થાય** |

- આ ઉપરાંત રાજ્યના મહીસાગર, અરવલ્લી, છોટા ઉદેપુર, ડાંગ, આણંદ, ખેડા એમ **<u>કુલ-૬ જીલ્લાને</u>** બ્રાઉનફીલ્ડ મેડીકલ કોલેજ બનાવવા પાત્ર વિસ્તાર તરીકે ગણેલ છે. જેની અરજીઓ મેળવવા માટેની જાહેરાત આપવાની કાર્યવાહી ચાલી રહી છે.

મુખ્ય પેજ

## પેટા પ્રશ્ન-૩ (શ્રીમતી રીટાબેન પટેલ, ગાંધીનગર (ઉ))

- **અનુસ્નાતક અને સુપરસ્પેશ્યાલીટી અભ્યાસક્રમની પ્રવેશ પ્રક્રિયા શું છે?**

**જવાબ–**

- અનુસ્નાતક અભ્યાસક્રમની પ્રવેશ પ્રક્રિયા માટે આરોગ્ય મંત્રાલય, ભારત સરકારશ્રી દ્વારા NEET PG ની પ્રવેશ પરીક્ષા લેવામાં આવે છે, તે પ્રવેશ પરીક્ષાના પરિણામના આધારે ગુજરાત રાજયમાં આવેલી તમામ મેડીકલ કોલેજમાં ચાલતા અનુસ્નાતક અભ્યાસક્રમની પ્રવેશ પ્રક્રિયા ગુજરાત સરકારના આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ દ્વારા બનાવેલ પ્રવેશ નિયમોને આધારે સંપૂર્ણ ઓનલાઈન પદ્ધતિથી NEET PG મેરીટ કમ ચોઈસ કમ પ્રેફરન્સના આધારે કરવામાં આવે છે.
- ગુજરાત રાજયમાં આવેલ સરકારી મેડીકલ કોલેજની અનુસ્નાતક બેઠકોમાં ૫૦% બેઠકોની પ્રવેશ કાર્યવાહી ઓલઈન્ડીયા કવોટાની બેઠકો તરીકે NEET PGના મેરીટથી ભારત સરકારશ્રીના આરોગ્ય મંત્રાલય દ્વારા પ્રવેશ કાર્યવાહી કરવામાં આવે છે.
- ગુજરાત રાજયમાં આવેલ તમામ મેડીકલ કોલેજમાં ચાલતા સુપરસ્પેશ્યાલીટી અભ્યાક્રમના પ્રવેશ માટે ભારત સરકારશ્રીના આરોગ્ય મંત્રાલય દ્વારા NEET-SS ની પ્રવેશ પરીક્ષા દરવર્ષે લેવામાં આવે છે, આ પ્રવેશ પરીક્ષાના પરીણામના આધારે સંપૂર્ણ ઓનલાઈન પદ્ધતિથી મેરીટ કમ ચોઈસ કમ પ્રેફરન્સ મુજબ પ્રવેશ કાર્યવાહી ભારત સરકારશ્રીના આરોગ્ય મંત્રાલય દ્વારા કરવામાં આવે છે. આમ સુપરસ્પેશ્યાલીટી બેઠકોની પ્રવેશ કાર્યવાહી ફકતને ફકત ભારત સરકારશ્રીના આરોગ્ય મંત્રાલય દ્વારા કરવામાં આવે છે.

મુખ્ય પેજ

## પેટા પ્રશ્ન-૪ (શ્રી ગોવિંદભાઇ પરમાર, ઉમરેઠ)

- **સ્વનિર્ભર મેડીકલ કોલેજોમાં ફી નિર્ધારણ કઇ રીતે કરવામાં આવે છે?**

**જવાબ–**

- ગુજરાત એક્ટ નં.૩ ઓફ ૨૦૦૮– ગુજરાત પ્રોફેશનલ મેડીકલ એજ્યુકેશન કોલેજીસ ઓર ઇન્સ્ટીટ્યુશન્સ (રેગ્યુલેશન ઓફ એડમીશન એન્ડ ફીક્સેશન ઓફ ફીસ) એક્ટ–૨૦૦૭ ની કલમ (૧૦) અને (૧૧) મુજબ ફી રેગ્યુલેશન કમિટિ દ્વારા સ્વનિર્ભર સંસ્થોઓની ફી નિર્ધારિત કરવામાં આવે છે. ફી નિર્ધારીત કરતી વખતે ધ્યાને લેવાતા પરિબળો જોઇએ તો. .

  ૧. સંસ્થાનું સ્થળ

  ૨. સંસ્થાનો પ્રકાર

  ૩. ઉપલબ્ધ ઇન્ફ્રાસ્ટ્રક્ચર

  ૪. વહીવટી તેમજ નિભાવણી ખર્ચ

  ૫. સંસ્થાના વિકાસ માટેનો વધારોનો ખર્ચ

  ૬. કમિટિ અથવા રાજ્ય સરકાર દ્વારા સૂચિત અન્ય પરિબળો

  ૭. ઓડીટ રીપોર્ટનું પૃથક્કરણ.

મુખ્ય પેજ

# પ્રશ્ન:૦૯

**આરોગ્ય વિભાગ**
**તારાંકિત પશ્ન: ૧૫/૪/૨૫૯૫**
**તારીખ: ૨૯/૦૨/૨૦૨૪**

**માન. ધારાસભ્યશ્રી:** શ્રી વિમલભાઈ કાનાભાઈ ચુડાસમા (સોમનાથ)
**પ્રશ્નનું શિર્ષક:** સરકારી ડેન્ટલ કોલેજોમાં સંવર્ગવાર મંજુર મહેકમ

# મુળ પ્રશ્ન અને છાપ્યા મુજબનો જવાબ

**સરકારી ડેન્ટલ કોલેજોમાં સંવર્ગવાર મંજૂર મહેકમ**

***15/4/2595 શ્રી વિમલભાઈ કાનાભાઈ ચુડાસમા** (સોમનાથ): **માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| | પ્રશ્ન | | જવાબ |
|---|---|---|---|
| (૧) | તા.૩૧/૧૨/૨૩ ની સ્થિતીએ રાજયમાં સરકારી ડેન્ટલ કોલેજોમાં સંવર્ગવાર કુલ કેટલું મહેકમ મંજુર થયેલ છે. | (૧) | (see table 1 below) |
| (૨) | તે પૈકી ઉક્ત સ્થિતિએ સંવર્ગવાર કેટલી જગ્યાઓ ભરાયેલ છે અને કેટલી જગ્યાઓ ખાલી છે, | (૨) | (see table 2 below) |
| (૩) | ભરાયેલ જગ્યાઓ પૈકી સંવર્ગવાર કેટલી જગ્યાઓ સીધી ભરતી, કરાર આધારીત અને ફિક્સ પગારથી ભરાયેલ છે | (૩) | (see tables 3 below) |
| (૪) | ઉક્ત ખાલી જગ્યાઓ ક્યાં સુધીમાં ભરવામાં આવશે? | (૪) | આ ખાલી જગ્યાઓ યોગ્ય ઉમેદવારો ઉપલબ્ધ થયેથી ભરવામાં આવશે |

(૧)

| સંવર્ગ | સરકારી ડેન્ટલ કોલેજ અને હોસ્પિટલ, અમદાવાદનું મંજૂર મહેકમ | સરકારી ડેન્ટલ કોલેજ અને હોસ્પિટલ, જામનગરનું મંજૂર મહેકમ |
|---|---|---|
| વર્ગ-૧ | ૬૪ | ૬૨ |
| વર્ગ-૨ | ૪૮ | ૪૩ |
| વર્ગ-૩ | ૭૬ | ૧૦૧ |
| વર્ગ-૪ | ૬૩ | ૮૪ |
| કુલ | ૨૫૧ | ૨૯૦ |

(૨)

| સંવર્ગ | સરકારી ડેન્ટલ કોલેજ અને હોસ્પિટલ, અમદાવાદ | | સરકારી ડેન્ટલ કોલેજ અને હોસ્પિટલ, જામનગર | |
|---|---|---|---|---|
| | ભરેલી | ખાલી | ભરેલી | ખાલી |
| વર્ગ-૧ | ૪૭ | ૧૭ | ૩૩ | ૨૯ |
| વર્ગ-૨ | ૪૧ | ૦૭ | ૩૦ | ૧૩ |
| વર્ગ-૩ | ૬૩ | ૧૩ | ૮૭ | ૧૪ |
| વર્ગ-૪ | ૪૬ | ૧૭ | ૮૪ | ૦૦ |
| કુલ | ૧૯૭ | ૫૪ | ૨૩૪ | ૫૬ |

(૩)

| સરકારી ડેન્ટલ કોલેજ અને હોસ્પિટલ, અમદાવાદ | | | |
|---|---|---|---|
| સંવર્ગ | સીધી ભરતી | કરાર આધારીત | ફિક્સ પગાર |
| વર્ગ-૧ | ૪૧ | ૦૬ | ૦૦ |
| વર્ગ-૨ | ૩૮ | ૦૩ | ૦૦ |
| વર્ગ-૩ | ૪૧ | ૦૦ | ૨૨ |
| વર્ગ-૪ | ૦૮ | ૦૦ | ૩૮ |
| કુલ | ૧૨૮ | ૦૯ | ૬૦ |

| સરકારી ડેન્ટલ કોલેજ અને હોસ્પિટલ, જામનગર | | | |
|---|---|---|---|
| સંવર્ગ | સીધી ભરતી | કરાર આધારીત | ફિક્સ પગાર |
| વર્ગ-૧ | ૧૨ | ૨૧ | ૦૦ |
| વર્ગ-૨ | ૨૪ | ૦૬ | ૦૦ |
| વર્ગ-૩ | ૦૯ | ૬૪ | ૧૪ |
| વર્ગ-૪ | ૦૦ | ૮૪ | ૦૦ |
| કુલ | ૪૫ | ૧૭૫ | ૧૪ |

મુખ્ય પેજ

# પુરક નોંધ

- અધિક નિયામક (ડેન્ટલ)ના તાબા હેઠળ આવેલ સરકારી ડેન્ટલ કોલેજ અને હોસ્પિટલ, અમદાવાદ/ જામનગર ખાતે સંવર્ગવાર મંજૂર થયેલ મહેકમમાં વર્ગ–૧ ની ૧૨૬ જગ્યાઓ, વર્ગ–૨ ની ૯૧ જગ્યાઓ, વર્ગ–3 ની ૧૭૭ જગ્યાઓ અને વર્ગ–૪ ની ૧૪૭ જગ્યાઓ એમ મળીને કુલ ૫૪૧ જગ્યાઓનુ મહેકમ મંજૂર થયેલ છે. જે પૈકી સંવર્ગવાર રેગ્યુલર, કરાર આધારીત તેમજ ફિક્સ પગાર મળીને વર્ગ–૧ કુલ ૮૦, વર્ગ–૨ ની કુલ ૭૧, વર્ગ–3 ની કુલ ૧૫૦ અને વર્ગ–૪ ની કુલ ૧૩૦ મળીને કુલ: ૪૩૧ જગ્યાઓ ભરેલ છે. તેમજ વર્ગ–૧ ની ૪૬, વર્ગ–૨ ની ૨૦, વર્ગ–3 ની ૨૭ તથા વર્ગ–૪ ની ૧૭ જગ્યાઓ મળીને કુલ: ૧૧૦ જગ્યાઓ તારીખ ૩૧/૧૨/૨૦૨૩ ની સ્થિતિએ ખાલી છે. ઉક્ત ખાલી જગ્યાઓ પૈકી વર્ગ–૧ અને ૨ ની જગ્યાઓ ગુજરાત જાહેર સેવા આયોગ દ્વારા પ્રસિધ્ધ કરેલ વર્ષ ૨૦૨૩–૨૪ ના ભરતી કેલેન્ડરમાં કુલ–૭૬ જગ્યાઓનો સમાવેશ થયેલ છે. અને વહીવટી વર્ગ–3 ની જગ્યાઓ ગૌણ સેવા પસંદગી મંડળ દ્વારા ભરવાની કાર્યવાહી ગતિમાં છે. તેમજ વર્ગ–૪ ની જગ્યાઓ આઉટસોર્સથી સેવાઓ લેવામાં આવે છે.
- સરકારી ડેન્ટલ કોલેજ અને હોસ્પિટલ, અમદાવાદને **NAAC** દ્વારા **A+** (એ પ્લસ) ગ્રેડ મળતા આ સંસ્થા સમગ્ર દેશમાં સર્વશ્રેષ્ઠ પ્રસ્થાપિત થાય છે. વિશેષમાં સરકારી ડેન્ટલ કોલેજ અને હોસ્પિટલ, અમદાવાદને **NABH** તરફથી બીજા ચરણમાં ત્રણ વર્ષ માટે પણ માન્યતા મળેલ છે તેમજ **SKOCH AWARD** તથા **NIRF RANKING** પણ મળેલ છે.
- સરકારી ડેન્ટલ કોલેજ અને હોસ્પિટલ,જામનગરને તાજેતરમાં NABH એક્રેડિટેશન મળેલ છે. હાલમાં સરકારી ડેન્ટલ કોલેજ અને હોસ્પિટલ, જામનગર ખાતે કુલ ૦૬ (છ) વિષયમાં પોસ્ટ ગ્રેજ્યુએટનો અભ્યાસક્રમ ચાલુ છે.

મુખ્ય પેજ

# પેટા પ્રશ્નો

**અગ્રતા ક્રમ : ૯**

**પ્રશ્ન ક્રમાંક : ૧૫/૪/૨૫૯૫**

**તા. ૨૯/૦૨/૨૦૨૪**

**આરોગ્ય વિભાગ**

**માન.ધારાસભ્યશ્રી : શ્રી વિમલભાઈ કાનાભાઈ ચુડાસમા (સોમનાથ)**

**પ્રશ્ન:- સરકારી ડેન્ટલ કોલેજોમાં સંવર્ગવાર મંજૂર મહેકમ**

| પેટા પ્રશ્ન ક્રમાંક | પ્રશ્નની વિગત | ધારાસભ્યશ્રીનું નામ |
|---|---|---|
| ૧ | ➢ રાજ્ય સરકાર હસ્તકની સરકારી ડેન્ટલ કોલેજો કેટલી છે? અને<br>➢ રાજ્યમાં સરકારી ડેન્ટલ કોલેજોમાં ખાલી જગ્યાઓ ભરવા માટેનું આયોજન જણાવશો. | શ્રી ભગવાનભાઈ બારડ, તલાલા |
| ૨ | ➢ રાજ્યમાં સરકારી ડેન્ટલ કોલેજોમાં કેટલા વિષયમાં પી.જી અભ્યાસક્રમ ચાલુ છે?<br>➢ રાજ્યમાં સરકારી ડેન્ટલ કોલેજોમાં કુલ કેટલી પી.જી સીટો મંજુર થયેલ છે? | ડૉ. પ્રદ્યુમનસિંહ વાજા, કોડીનાર |
| ૩ | ➢ રાજ્યમાં સરકારી ડેન્ટલ કોલેજોમાં કેટલી કોલેજોને **NAAC** અને **NABH** માન્યતા પ્રાપ્ત થયેલ છે**?** | શ્રી મહેશભાઈ કસવાલા, સાવરકુંડલા |

મુખ્ય પેજ

**અગ્રતા ક્રમ : ૯**

**પ્રશ્ન ક્રમાંક : ૧૫/૪/૨૫૯૫**

**તા. ૨૯/૦૨/૨૦૨૪**

## પેટા પ્રશ્ન ૦૧ (શ્રી ભગવાનભાઇ બારડ, તલાલા)

- **રાજ્ય સરકાર હસ્તકની સરકારી ડેન્ટલ કોલેજો કેટલી છે? અને**
- **રાજ્યમાં સરકારી ડેન્ટલ કોલેજોમાં ખાલી જગ્યાઓ ભરવા માટેનું આયોજન જણાવશો.**

**જવાબ:**

**રાજ્ય હસ્તકની બે સરકારી ડેન્ટલ કોલેજ છે.**

1. સરકારી ડેન્ટલ કોલેજ અને હોસ્પિટલ, અમદાવાદ
2. સરકારી ડેન્ટલ કોલેજ અને હોસ્પિટલ, જામનગર

- અમદાવાદમાં વર્ગ ૧ થી ૪ ની કુલ ૨૫૧ જગ્યામાંથી ૧૯૭ ભરેલી છે અને જામનગરમાં ૨૯૦ માંથી ૨૩૪ ભરેલી છે. આમ અંદાજે ૮૦ % જગ્યાઓ ભરેલી છે.
- ખાલી જગ્યાઓ ભરવાના આયોજન વિશે જણાવુ તો..
- રાજ્યમાં સરકારી ડેન્ટલ કોલેજોમાં વર્ગ–૧ અને વર્ગ–૨ ની ખાલી જગ્યાઓ ભરવા માટે ગુજરાત જાહેર સેવા આયોગ દ્વારા પ્રસિધ્ધ કરેલ વર્ષ ૨૦૨૪ ના ભરતી કેલેન્ડરમાં કુલ–૭૬ જગ્યાઓનો સમાવેશ કરેલ છે.
- ઉક્ત ખાલી જગ્યાઓ નિયમિત નિમણુંકથી ભરવામાં ન આવે ત્યા સુધી ૧૧ માસ કરારીય નિમણુંકથી ભરવા માટેની કાર્યવાહી ગતિમાં છે.

મુખ્ય પેજ

## પેટા પ્રશ્ન ૦૨ (ડૉ. પ્રદ્યુમનસિંહ વાજા, કોડીનાર)

- **રાજયમાં સરકારી ડેન્ટલ કોલેજોમાં કેટલા વિષયમાં પી.જી અભ્યાસક્રમ ચાલુ છે?**
- **રાજયમાં સરકારી ડેન્ટલ કોલેજોમાં કુલ કેટલી પી.જી સીટો મંજુર થયેલ છે?**

**જવાબ:**

- રાજયમાં સરકારી ડેન્ટલ કોલેજ અને હોસ્પિટલ, અમદાવાદ ખાતે ૯ વિષયોમાં અને સરકારી ડેન્ટલ કોલેજ અને હોસ્પિટલ, જામનગર ખાતે ૬ વિષયોમાં પી.જી અભ્યાસક્રમ ચાલુ છે.
- રાજયમાં સરકારી ડેન્ટલ કોલેજ અને હોસ્પિટલ, અમદાવાદ ખાતે કુલ ૪૪ પી.જી સીટો મંજુર થયેલ છે, અને સરકારી ડેન્ટલ કોલેજ અને હોસ્પિટલ, જામનગર ખાતે કુલ ૧૯ પી.જી સીટો મંજુર થયેલ છે.

મુખ્ય પેજ

## પેટા પ્રશ્ન ૦૩ (શ્રી મહેશભાઇ કસવાલા, સાવરકુંડલા)

- **રાજયમાં સરકારી ડેન્ટલ કોલેજોમાં કેટલી કોલેજોને NAAC અને NABH માન્યતા પ્રાપ્ત થયેલ છે?**

**જવાબ :**

- રાજયમાં સરકારી ડેન્ટલ કોલેજ અને હોસ્પિટલ, અમદાવાદને **NAAC** (નેશનલ એસેસમેન્ટ એન્ડ એક્રેડીટેશન કાઉન્સિલ) દ્વારા એ પ્લસ ગ્રેડ પ્રાપ્ત થયેલ છે તેમજ **NABH (**નેશનલ એક્રેડીટેશન બોર્ડ ફોર હોસ્પિટલ્સ એન્ડ હેલ્થકેર પ્રોવાઇડર્સ)ની માન્યતા પ્રાપ્ત થયેલ છે. દેશમાં ઉપલબ્ધ તમામ એક્રેડીટેશન્સ (**NAAC, NABH, NIRF)** અમદાવાદ ડેન્ટલ કોલેજને પ્રાપ્ત થયેલ છે. **NIRF** (નેશનલ ઇન્સ્ટિટ્યુશનલ રેન્કિંગ ફ્રેમવર્ક)
- સરકારી ડેન્ટલ કોલેજ અને હોસ્પિટલ, જામનગરને તાજેતરમાં **NABH** માન્યતા પ્રાપ્ત થયેલ છે.

મુખ્ય પેજ

# પ્રશ્ન-૧૦

**પ્રશ્ન ક્રમાંક – ૧૫/૪/૨૪૦૬**
**તા. ૨૯/૦૨/૨૦૨૪**
**આરોગ્ય વિભાગ**

**માન. ધારાસભ્યશ્રી :** શ્રી રાજેન્દ્રસિંહ મોહનસિંહ રાઠવા છોટાઉદેપુર

**પ્રશ્ન :–** "છોટાઉદેપુર જિલ્લામાં આરોગ્ય વિભાગના આઉટસોર્સીંગ કર્મચારીઓ"

મુખ્ય પેજ

# મુળ પ્રશ્ન અને છાપ્યા મુજબનો જવાબ

**છોટાઉદેપુર જિલ્લામાં આરોગ્ય વિભાગના આઉટસોર્સીંગ કર્મચારીઓ**

***15/4/2406 શ્રી રાજેન્દ્રસિંહ મોહનસિંહ રાઠવા** (છોટાઉદેપુર) **:** માનનીય **આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| | પ્રશ્ન | | જવાબ |
|---|---|---|---|
| (૧.) | તા.૩૧-૧૨-૨૦૨૩ની સ્થિતિએ છોટાઉદેપુર જિલ્લામાં આરોગ્ય વિભાગના તાબા હેઠળના આરોગ્ય કેન્દ્રો/હોસ્પિટલ અને કચેરીઓમાં વર્ગ-૩ ના કેટલા કર્મચારીઓ આઉટસોર્સીંગથી કામ કરે છે, | (૧.) | તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ છોટાઉદેપુર જિલ્લામાં આરોગ્ય વિભાગના તાબા હેઠળના આરોગ્ય કેન્દ્રો/હોસ્પિટલ અને કચેરીઓમાં વર્ગ-૩ ના કુલ-૧૦૭ કર્મચારીઓ આઉટસોર્સીંગથી કામ કરે છે, |
| (૨.) | ઉક્ત જિલ્લામાં આઉટસોર્સીંગથી કર્મચારીઓ પૂરી પાડવાની કામગીરી કઇ એજન્સીઓને સોંપવામાં આવેલી છે, અને | (૨.) | છોટાઉદેપુર જિલ્લામાં આઉટસોર્સીંગથી કર્મચારીઓ પૂરી પાડવાની કામગીરી,<br>૧. મેસર્સ. ડી.જી.નાકરાણી<br>૨. ઇથોસ એચ.આર. મેનેજમેન્ટ<br>૩. રજસ એન્ટરપ્રાઇઝ<br>એજન્સીઓને સોંપવામાં આવેલી છે, |
| (૩.) | ઉક્ત એજન્સીને કર્મચારી દીઠ કેટલી માસિક રકમ ચૂકવવામાં આવે છે? | (૩.) | ઉક્ત એજન્સીઓને કર્મચારી દીઠ ચૂકવવામાં આવતી માસિક રકમ આ સાથે પત્રક-અ સામેલ છે. |

મુખ્ય પેજ

| પત્રક–અ | | | | | |
|---|---|---|---|---|---|
| વિધાનસભા તારાંકિત પ્રશ્ન ક્રમાંકઃ૧૫/૦૪/૨૪૦૬ અન્વયે તા.૩૧/૧૨/૨૦૨૩ ની સ્થિતીએ સંસ્થા ખાતે આઉટસોર્સથી ફરજ બજાવતાં વર્ગ–૩ ના કર્મચારીઓની માહિતી | | | | | |
| જનરલ હોસ્પિટલ– છોટાદેપુર | | | | | |
| ક્ર.નં. | જગ્યાનું નામ વર્ગ–૩ | ૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ સંખ્યા | એજન્સીનું નામ | કર્મચારી દીઠ એજન્સીને માસિક સર્વિસ ચાર્જ તરીકે ચુકવવામાં આવતી રકમ રૂા. | કર્મચારીને માસિક ચુકવવામાં આવતી રકમ રૂા. |
| ૧ | જુનીયર કલાર્ક | ૪ | રજસ એન્ટરપ્રાઇઝ | ૮૨૯ | ૨૬૦૮૧ |
| ૨ | ફાર્માસીસ્ટ | ૩ | રજસ એન્ટરપ્રાઇઝ | ૯૦૩ | ૨૮૪૧૪ |
| ૩ | ઇલેક્ટ્રીશીયન | ૧ | રજસ એન્ટરપ્રાઇઝ | ૮૧૫ | ૨૫૬૪૯ |
| ૪ | ડ્રાઇવર | ૧ | રજસ એન્ટરપ્રાઇઝ | ૭૬૧ | ૨૩૯૩૫ |
| ૫ | લેબ ટેકનીશીયન | ૪ | રજસ એન્ટરપ્રાઇઝ | ૯૦૩ | ૨૮૪૧૪ |
| ૬ | ફિઝીયોથેરાપીસ્ટ | ૧ | રજસ એન્ટરપ્રાઇઝ | ૯૫૯ | ૩૦૧૬૫ |
| ૭ | એક્સ–રે ટેક્નીશીયન | ૧ | રજસ એન્ટરપ્રાઇઝ | ૯૯૦ | ૩૧૧૫૨ |
| ૮ | એક્સ–રે આસિસ્ટન્ટ | ૧ | રજસ એન્ટરપ્રાઇઝ | ૭૮૭ | ૨૪૭૫૯ |
| ૯ | ડેટા એન્ટ્રી ઓપરેટર | ૨ | રજસ એન્ટરપ્રાઇઝ | ૮૨૯ | ૨૬૦૮૧ |
| કુલઃ– | | ૧૮ | | | |

| સામૂહિક આરોગ્ય કેન્દ્રો કુલ–૧૨ | | | | | |
|---|---|---|---|---|---|
| ક્ર.નં. | જગ્યાનું નામ વર્ગ–૩ | ૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ સંખ્યા | એજન્સીનું નામ | કર્મચારી દીઠ એજન્સીને માસિક સર્વિસ ચાર્જ તરીકે ચુકવવામાં આવતી રકમ રૂા. | કર્મચારીને માસિક ચુકવવામાં આવતી રકમ રૂા. |
| ૧ | જુ–કલાર્ક | ૧૨ | મેસર્સ ડી.જી નાકરાણી, ભાવનગર | ૮૨૯ | ૨૬૦૮૧ |
| ૨ | ફીજીઓથેરાપિસ્ટ | ૩ | | ૯૫૯ | ૩૦૧૬૪ |
| ૩ | ડ્રાઈવર | ૯ | | ૭૬૧ | ૨૩૯૩૫ |
| ૪ | લેબ ટેકનીશયન | ૫ | | ૯૦૩ | ૨૮૪૧૪ |
| ૫ | જુ. ફાર્માસીસ્ટ | ૮ | | ૯૦૩ | ૨૮૪૧૪ |
| ૬ | એક્ષરે– ટેકનિશીયન | ૪ | | ૯૦૩ | ૨૮૪૧૪ |
| ૭ | સ્ટાફ નર્સ | ૮ | | ૯૨૨ | ૨૮૯૯૭ |
| કુલઃ– | | ૪૯ | | | |

| પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો કુલ–૩૬ | | | | | |
|---|---|---|---|---|---|
| ક્ર.નં. | જગ્યાનું નામ વર્ગ–૩ | ૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ સંખ્યા | એજન્સીનું નામ | કર્મચારી દીઠ એજન્સીને માસિક સર્વિસ ચાર્જ તરીકે ચુકવવામાં આવતી રકમ રૂા. | કર્મચારીને માસિક ચુકવવામાં આવતી રકમ રૂા. |
| ૧ | ડ્રાઈવર | ૩૬ | ઈથોસ એચ.આર મેનેજમેંટ. અમદાવાદ | ૧૧૫૮ | ૧૫૩૭૩ |

મુખ્ય પેજ

| પેટા આરોગ્ય કેન્દ્રો | | | | | |
|---|---|---|---|---|---|
| ક્ર.નં. | જગ્યાનું નામ વર્ગ–૩ | ૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ સંખ્યા | એજન્સીનું નામ | કર્મચારી દીઠ એજન્સીને માસિક સર્વિસ ચાર્જ તરીકે ચુકવવામાં આવતી રકમ રૂા. | કર્મચારીને માસિક ચુકવવામાં આવતી રકમ રૂા. |
| NIL | | | | | |

| જિલ્લા પંચાયત, આરોગ્ય શાખા | | | | | |
|---|---|---|---|---|---|
| ક્ર.નં. | જગ્યાનું નામ વર્ગ–૩ | ૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ સંખ્યા | એજન્સીનું નામ | કર્મચારી દીઠ એજન્સીને માસિક સર્વિસ ચાર્જ તરીકે ચુકવવામાં આવતી રકમ રૂા. | કર્મચારીને માસિક ચુકવવામાં આવતી રકમ રૂા. |
| ૧ | ડ્રાઈવર | ૨ | ઈથોસ એચ.આર મેનેજમેંટ. અમદાવાદ | ૧૧૫૮ | ૧૫૩૭૩ |

| જિલ્લા ક્ષય કેન્દ્ર, છોટાઉદેપુર | | | | | |
|---|---|---|---|---|---|
| ક્ર.નં. | જગ્યાનું નામ વર્ગ–૩ | ૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ સંખ્યા | એજન્સીનું નામ | કર્મચારી દીઠ એજન્સીને માસિક સર્વિસ ચાર્જ તરીકે ચુકવવામાં આવતી રકમ રૂા. | કર્મચારીને માસિક ચુકવવામાં આવતી રકમ રૂા. |
| ૧ | જુ–ક્લાર્ક | ૧ | મેસર્સ ડી.જી નાકરાણી, ભાવનગર | ૮૨૯ | ૨૬૦૮૧ |
| ૨ | ડ્રાઈવર | ૧ | | ૭૬૧ | ૨૩૯૩૫ |

મુખ્ય પેજ

# પુરક નોંધ

| છોટાઉદેપુર જીલ્લા ખાતે આઉટસોર્સ એજન્સીને ચુકવવામાં આવતી રકમ (તા.૩૧/૧૨/૨૦૨૩) | | | |
|---|---|---|---|
| એજન્સીનું નામ | કર્મચારીની સંખ્યા | એજન્સીને સર્વિસ ચાર્જ તરીકે ચુકવવામાં આવતી માસિક કુલ રકમ રૂા. | કર્મચારીને ચુકવવામાં આવતી માસિક કુલ રકમ રૂા. |
| રજસ એન્ટરપ્રાઇઝ | ૧૮ | ૧૫,૬૦૭ | ૪,૯૧,૦૪૪ |
| મેસર્સ ડી.જી નાકરાણી | ૫૧ | ૪૩,૯૯૧ | ૧૩,૮૩,૯૧૦ |
| ઈથોસ એચ.આર મેનેજમેન્ટ | ૩૮ | ૪૪,૦૦૪ | ૫,૮૪,૧૭૪ |
| **કુલઃ-** | **૧૦૭** | **૧,૦૩,૬૦૨** | **૨૪,૫૯,૧૨૮** |

## મેનપાવર આઉટસોર્સીંગ સેવાઓઃ-

- રાજ્યના આરોગ્ય વિભાગ સાથે સંકળાયેલ આરોગ્ય સંસ્થાઓ/કચેરીઓમાં પેરામેડીકલ/વહીવટી સ્ટાફ તેમજ વર્ગ-૪નાં કર્મચારીશ્રીઓની સેવાઓ મેનપાવર આઉટસોર્સીંગ સેવાઓ લેવા માટે વર્ષ ૨૦૧૪-૧૫ માં વિભાગીય નાયબ નિયામકશ્રી, આરોગ્ય અને તબીબી સેવાઓ કક્ષાએથી ટેન્ડર પ્રક્રીયા કરી આઉટસોર્સીંગ સેવાઓ મેળવવામાં આવી રહેલ હતી. જેની સરકારશ્રીમાંથી મંજુરી મેળવી સમયાંતરે મુદતમાં વધારો કરી તા.૩૧/૧૦/૨૦૨૩ સુધી અવધિ લંબાવવામાં આવેલ હતી. જેમાં સમગ્ર રાજ્યમાં કુલ-૫ એજન્સીઓ દ્વારા આઉટસોર્સીંગ સેવાઓ પુરી પાડવામાં આવતી હતી.

મુખ્ય પેજ

- સરકારશ્રીની મંજુરી મેળવી કમિશ્નરશ્રી (આરોગ્ય)ની કચેરીના આદેશથી મેનપાવર આઉટસોર્સીંગ અંગેના GEM મારફતે નવા ટેન્ડર પ્રસિધ્ધ કરવા અંગે સુચનાઓ આપવામાં આવેલ હતી. તે મુજબ મેનપાવર આઉટસોર્સીંગ સેવાઓ લેવા માટે જીલ્લા કલેક્ટરશ્રીના અધ્યક્ષ સ્થાનની કમીટી દ્વારા મેડીકલ કોલેજ હોસ્પિટલ/ડિસ્ટ્રીકટ હોસ્પિટલ/સબ ડિસ્ટ્રીકટ હોસ્પિટલ/ જીએમઈઆરએસ હોસ્પિટલ/સુપર સ્પેશ્યાલીસ્ટ હોસ્પિટલ/ડેન્ટલ હોસ્પિટલ/મેન્ટલ હોસ્પિટલ અન્ય આરોગ્ય સંસ્થાઓ માટે અને જીલ્લા વિકાસ અધિકારીશ્રીના અધ્યક્ષ સ્થાનની કમીટી દ્વારા પેટાકેન્દ્ર/ પ્રા.આ.કેન્દ્રો/સા.આ.કેન્દ્રો/ DTO/DLO/ DMO/ તાલીમ કેન્દ્રો/FHW સ્કુલો/જુદા જુદા તાલુકા ઘટક/જીલ્લા પંચાયત કચેરી શહેરી આરોગ્ય કેન્દ્રો (નગરપાલિકા) માટે એમ જીલ્લા દિઠ કુલ–૨ પ્રમાણે રાજ્યમાં કુલ–૬૬ નવા ટેન્ડર GEM મારફતે પ્રસિધ્ધ કરવામાં આવેલ હતા.
- નવા ટેન્ડરમાં મંજુર મહેકમની રીતે કેડર વાઈસ ભાવો નક્કી કરી કુલ–૧૦૫ કેડરનો સમાવેશ કરવામાં આવેલ હતો અને ફક્ત સર્વિસ ચાર્જ માટે ટેન્ડર પ્રસિધ્ધ કરવામાં આવેલ હતા.
- મેનપાવર આઉટસોર્સીંગ સેવાઓ લેવા અંગેના GEM મારફતે કરવામાં આવેલ ટેન્ડર પ્રક્રિયામાં GEM દ્વારા સીસ્ટમ સિલેક્ટેડ થયેલ L-1 મળેલ ભાવોને મંજુરી આપવા માટે સરકારશ્રીની સેક્રેટરીયેટ ડીપાર્ટમેન્ટલ પરચેજ સમિતિ (SDPC) અને સેક્રેટરીઝ પરચેજ સમિતિ (SPC)ની રચાયેલ કમીટીમાં મંજુરી મેળવ્યા બાદ સરકારશ્રીની મળેલ મંજુરી અન્વયે મેનપાવર આઉટસોર્સીંગ સેવાઓ અંગેના નવા ટેન્ડરને તા.૦૧/૧૧/૨૦૨૩ થી અમલવારી કરવા જણાવવામાં આવેલ છે.

મુખ્ય પેજ

- રાજ્યમાં વિભાગીય નાયબ નિયામકશ્રી, આરોગ્ય અને તબીબી સેવાઓ કક્ષાએથી જુના ટેન્ડરની ૫ (પાંચ) એજન્સીઓની સામે હાલમાં નવા ટેન્ડર મુજબ કુલ-૨૫ એજન્સીઓને મેનપાવર આઉટસોર્સીંગ સેવાઓ પુરી પાડવાની તક આપવામાં આવેલ છે.
- છોટાઉદેપુર જિલ્લામાં સરકારશ્રીની મળેલ મંજુરી અન્વયે મેનપાવર આઉટસોર્સીંગ સેવાઓ મેળવવા માટે જીલ્લા કલેક્ટરશ્રીના અધ્યક્ષ સ્થાનની કમીટી દ્વારા બહાર પાડવામાં આવેલ ટેન્ડરમાં રજસ એન્ટરપ્રાઇઝ એજન્સીને તા.૧/૧૧/૨૦૨૩ થી કામગીરી આપવામાં આવેલ છે.
- છોટાઉદેપુર જિલ્લામાં સરકારશ્રીની મળેલ મંજુરી અન્વયે જીલ્લા વિકાસ અધિકારીશ્રીના અધ્યક્ષ સ્થાનની કમીટી દ્વારા બહાર પાડવામાં આવેલ ટેન્ડરમાં મેસર્સ. ડી.જી.નાકરાણી એજન્સીને સામુહીક આરોગ્ય કેન્દ્રો માટે તા.૧/૧૧/૨૦૨૩ થી કામગીરી આપવામાં આવેલ છે.છોટાઉદેપુર જિલ્લામાં જીલ્લા પંચાયત હસ્તકના પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો અને જીલ્લા પંચાયત કચેરી ખાતે મેનપાવર આઉટસોર્સીંગ સેવાઓ પુરી પાડતી ઈથોસ એચ.આર. મેનેજમેન્ટ એજન્સીને ૩૧મી જાન્યુઆરી.૨૦૨૪ સુધી જ આઉટસોર્સીંગ સેવાઓ પુરી પાડવા અંગે મુદત વધારો આપવામાં આવેલ હતો તેમજ નવા ટેન્ડર મુજબ તા.૧/૨/૨૦૨૪ થી મેસર્સ. ડી.જી.નાકરાણી એજન્સીને કામગીરી આપવામાં આવેલ છે.
- જેથી હાલમાં છોટાઉદેપુર જિલ્લા ખાતે નવા ટેન્ડર મુજબ રજસ એન્ટરપ્રાઇઝ અને મેસર્સ. ડી.જી.નાકરાણી બે જ એજન્સીઓને મેનપાવર આઉટસોર્સીંગ સેવાઓ પુરી પાડવાની કામગીરી આપવામાં આવેલ છે.

મુખ્ય પેજ

# પેટા પ્રશ્નો

# અગ્રતા ક્રમ : ૧૦

## પ્રશ્ન ક્રમાંક : ૧૫/૪/૨૪૦૬

તા.૨૩/૦૨/૨૦૨૪

આરોગ્ય વિભાગ

**માન.ધારાસભ્યશ્રી : શ્રી રાજેન્દ્રસિંહ મોહનસિંહ રાઠવા (છોટાઉદેપુર)**

**પ્રશ્ન:- છોટાઉદેપુર જિલ્લામાં આરોગ્ય વિભાગના આઉટસોર્સીંગ કર્મચારીઓ**

| પેટા પ્રશ્ન ક્રમાંક | પ્રશ્નની વિગત | ધારાસભ્યશ્રીનું નામ |
| --- | --- | --- |
| ૧ | છોટાઉદેપુર જિલ્લામાં ડીસ્ટ્રીક્ટ હોસ્પિટલ, સબડીસ્ટ્રીક્ટ હોસ્પિટલ, પેટા આરોગ્ય કેન્દ્ર, સામુહિક આરોગ્ય કેન્દ્ર અને પ્રાથમિક આરોગ્ય કેન્દ્રની વિગત શું છે ? | શ્રી રાજેન્દ્રસિંહ મોહનસિંહ રાઠવા છોટાઉદેપુર |
| ૨ | છોટાઉદેપુર જિલ્લામાં વર્ગ-૩ અને વર્ગ-૪ નાં મહેકમની વિગતો શું છે ? | શ્રી મહેન્દ્રભાઇ ભાભોર, ગરબાડા |

મુખ્ય પેજ

**અગ્રતાક્રમ–૧૦**
**તારાંકિત પ્રશ્ન ક્રમાંક– ૧૫/૪/૨૪૦૬**
**આરોગ્ય વિભાગ**
**તા.૨૯ /૦૨/૨૦૨૪**

પેટા પ્રશ્ન ૧ શ્રી રાજેન્દ્રસિંહ મોહનસિંહ રાઠવા છોટાઉદેપુર

- **છોટાઉદેપુર જિલ્લામાં ડીસ્ટ્રીક્ટ હોસ્પિટલ, સબડીસ્ટ્રીક્ટ હોસ્પિટલ, પેટા આરોગ્ય કેન્દ્ર, સામુહિક આરોગ્ય કેન્દ્ર અને પ્રાથમિક આરોગ્ય કેન્દ્રની વિગત શું છે ?**

**જવાબ :–**

- છોટાઉદેપુર જિલ્લામાં ડીસ્ટ્રીક્ટ હોસ્પિટલ, સબડીસ્ટ્રીક્ટ હોસ્પિટલ, પેટા આરોગ્ય કેન્દ્ર, સામુહિક આરોગ્ય કેન્દ્ર અને પ્રાથમિક આરોગ્ય કેન્દ્રની વિગત જોઈએ તો..

| ડીસ્ટ્રીક્ટ હોસ્પિટલ | સબ ડીસ્ટ્રીક્ટ હોસ્પિટલ | સા.આ.કેન્દ્ર | પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર | પેટા આ.કેન્દ્ર |
|---|---|---|---|---|
| ૧ | ૦ | ૧૨ | ૫૦ | ૩૧૦ |

મુખ્ય પેજ

પેટા પ્રશ્ન ૨ શ્રી મહેન્દ્રભાઇ ભાભોર, ગરબાડા

- **છોટાઉદેપુર જિલ્લામાં વર્ગ–૩ અને વર્ગ–૪ નાં મહેકમની વિગતો શું છે ?**

**જવાબ :–**

- છોટાઉદેપુર જિલ્લામાં વર્ગ–૩ અને વર્ગ–૪ નાં મહેકમની વિગતો નીચે મુજબ છે.

**જનરલ હોસ્પિટલ, છોટા ઉદેપુર**

| ક્રમ | સંવર્ગ | મંજુર | ભરેલી | ખાલી |
|---|---|---|---|---|
| ૧ | વર્ગ–૩ | ૪૭ | ૪૦ | ૭ |
| ૨ | વર્ગ–૪ | ૩૨ | ૩૨ | ૦ |
| | **કુલ** | **૭૯** | **૭૨** | **૭** |

**સામુહિક આરોગ્ય કેન્દ્રો**

| ક્રમ | સંવર્ગ | મંજુર | ભરેલી | ખાલી |
|---|---|---|---|---|
| ૧ | વર્ગ–૩ | ૧૫૬ | ૧૨૮ | ૨૮ |
| ૨ | વર્ગ–૪ | ૧૨૦ | ૧૧૨ | ૮ |
| | **કુલ** | **૨૭૬** | **૨૪૦** | **૩૬** |

**પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો**

| ક્રમ | સંવર્ગ | મંજુર | ભરેલી | ખાલી |
|---|---|---|---|---|
| ૧ | વર્ગ–૩ | ૨૩૯ | ૧૮૬ | ૫૩ |
| ૨ | વર્ગ–૪ | ૨૦૦ | ૨૦૦ | ૦૦ |
| | **કુલ** | **૪૩૯** | **૩૮૬** | **૫૩** |

મુખ્ય પેજ

# પ્રશ્ન-૧૧

## પ્રશ્ન ક્રમાંક – ૧૫/૪/૨૧૪૨
## તા.૨૯/૦૨/૨૦૨૪
## આરોગ્ય વિભાગ

**માન. ધારાસભ્યશ્રી :** શ્રી દિનેશસિંહ રાજેન્દ્રસિંહ કુશવાહ બાપુનગર

**પ્રશ્ન :–** સિવિલ હોસ્પિટલ,  અમદાવાદ ખાતે નોંધાયેલ અંગદાતા

મુખ્ય પેજ

# મુળ છાપ્યા મુજબનો પ્રશ્ન અને જવાબ

**સિવિલ હોસ્પિટલ, અમદાવાદ ખાતે નોંધાયેલ અંગદાતા**

* **15/4/2142 શ્રી દિનેશસિંહ રાજેન્દ્રસિંહ કુશવાહ** (બાપુનગર): **માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| | પ્રશ્ન | | જવાબ |
|---|---|---|---|
| (૧) | તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ સિવિલ હોસ્પિટલ, અમદાવાદ ખાતે છેલ્લા બે વર્ષમાં વર્ષવાર કેટલા અંગદાતા નોંધાયા, | (૧) | તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ સિવિલ હોસ્પિટલ, અમદાવાદ ખાતે છેલ્લા બે વર્ષમાં વર્ષવાર નીચે મુજબના અંગદાતા નોંધાયેલ છે :- |

| વર્ષ | અંગદાતાઓ |
|---|---|
| ૨૦૨૨ | ૭૦ |
| ૨૦૨૩ | ૪૨ |

| | | | |
|---|---|---|---|
| (૨) | ઉક્ત દાતાઓમાંથી કેટલા અને કયા કયા અંગો દાનમાં મળેલ છે, અને | (૨) | ઉક્ત દાતાઓમાંથી નીચે મુજબના અંગો દાનમાં મળેલ છે:- |

| અંગો | સંખ્યા |
|---|---|
| લીવર | ૯૪ |
| કિડની | ૧૯૯ |
| આંખો | ૦૮ |
| સ્વાદુપિંડ | ૦૪ |
| હૃદય | ૩૪ |
| હાથ | ૦૪ |
| ફેફસાં | ૧૪ |
| નાનું આંતરડું | ૦૨ |
| **કુલ સંખ્યા** | **૩૫૯** |

| | | | |
|---|---|---|---|
| (૩) | ઓર્ગન ડોનેશન પ્રવૃત્તિને વેગ મળે તે માટે સરકાર દ્વારા શા પગલાઓ ભરવામાં આવે છે? | (૩) | • રાજ્યમાં ઓર્ગન ડોનેશનની પ્રવૃત્તિને વેગ આપવા સરકાર દ્વારા ફંડ સ્વરૂપ રૂ.૨૦૦ લાખની SOTTO (સ્ટેટ ઓર્ગન એન્ડ ટીસ્યુ ટ્રાન્સપ્લાન્ટેશન ઓર્ગેનાઈઝેશન) ને જોગવાઈ કરવામાં આવેલ છે.<br>• સરકાર દ્વારા રાજ્યની હોસ્પિટલો ઓર્ગન ડોનેશનની પ્રવૃત્તિમાં જોડાય અને વધુમાં વધુ પ્રમાણમાં ઓર્ગન ડોનેશન થાય તે હેતુથી ઓર્ગન ડોનેશન કરાવતી હોસ્પિટલને પ્રત્યેક કેસ માટે રૂ.૫૦,૦૦૦ સુધીની સહાય આપવામાં આવે છે.<br>• અંગદાતા પાસેથી અંગો પ્રાપ્ત કર્યા બાદ અંગો અને પેશીઓની ગુણવત્તા જળવાઈ રહે અને ઝડપથી અંગ પ્રાપ્ત કરતા દર્દીઓમાં પ્રત્યારોપણ કરી શકાય તે હેતુથી સરકાર દ્વારા સ્થાનિક પોલીસ કચેરીની મદદથી રાજ્યના કોઇ પણ શહેરમાં અંગદાન કરાવતી હોસ્પિટલથી અંગ પ્રાપ્ત કરતી હોસ્પિટલ સુધી ગ્રીન કોરીડોરની સુવિધા પુરી પાડવામાં આવે છે.<br>• અંગોની ફાળવણીમાં પારદર્શિતા જળવાઇ રહે તેથી સરકાર દ્વારા G-DOT માર્ગદર્શિકાના નિયમોનુસાર National Informatics Centre (NIC) ગુજરાત અને NIC તેલંગણાના સહયોગથી SOTTO ગુજરાતનું સોફ્ટવેર તૈયાર કરવામાં આવેલ છે. સોફ્ટવેરની મદદથી દાનમાં મળેલ અંગોની ફાળવણી રોગોની ગંભીરતા અનુસાર કરવામાં આવે છે અને દર્દીઓની નાણાકીય સ્થિતિને ધ્યાનમાં લીધા વિના અંગોની ફાળવણી શ્રેષ્ઠ મેચિંગને આધારે કરવામાં આવે છે.<br>• સરકાર દ્વારા સમાજમાં ઓર્ગન ડોનેશનની પ્રવૃત્તિને વેગ મળે તે હેતુથી અંગદાતાના પરિવારજનોના સન્માનના કાર્યક્રમો કરી સમાજમાં ઓર્ગન ડોનેશન કરવા પ્રોત્સાહન આપવામાં આવે છે. |

મુખ્ય પેજ

# પુરક નોંધ

- રાજ્યમાં ઓર્ગન ડોનેશનની પ્રવૃત્તિને વેગ આપવા સરકાર દ્વારા ફંડ સ્વરૂપ રૂ. ૨૦૦ લાખની SOTTO (સ્ટેટ ઓર્ગન એન્ડ ટીસ્યુ ટ્રાન્સપ્લાન્ટેશન ઓર્ગેનાઈઝેશન)ને જોગવાઈ કરવામાં આવેલ છે.)
- સરકાર દ્વારા રાજ્યની હોસ્પિટલો ઓર્ગન ડોનેશનની પ્રવૃત્તિમાં જોડાય અને વધુમાં વધુ પ્રમાણમાં ઓર્ગન ડોનેશન થાય તે હેતુથી ઓર્ગન ડોનેશન કરાવતી હોસ્પિટલને પ્રત્યેક કેસ માટે રૂ. ૫૦,૦૦૦ સુધીની સહાય આપવામાં આવે છે.
- અંગદાતા પાસેથી અંગો પ્રાપ્ત કર્યા બાદ અંગો અને પેશીઓની ગુણવત્તા જળવાઈ રહે અને ઝડપથી અંગ પ્રાપ્ત કરતા દર્દીઓમાં પ્રત્યારોપણ કરી શકાય તે હેતુથી સરકાર દ્વારા સ્થાનિક પોલીસ કચેરીની મદદથી રાજ્યના કોઈ પણ શહેરમાં અંગદાન કરાવતી હોસ્પિટલથી અંગ પ્રાપ્ત કરતી હોસ્પિટલ સુધી ગ્રીન કોરીડોરની સુવિધા પુરી પાડવામાં આવે છે.
- અંગોની ફાળવણીમાં પારદર્શિતા જળવાઈ રહે તેથી સરકાર દ્વારા G-DOT માર્ગદર્શિકાના નિયમોનુસાર National Informatics Centre (NIC) ગુજરાત અને NIC તેલંગણાના સહયોગથી SOTTO ગુજરાતનું સોફ્ટવેર તૈયાર કરવામાં આવેલ છે. સોફ્ટવેરની મદદથી દાનમાં મળેલ અંગોની ફાળવણી રોગોની ગંભીરતા અનુસાર કરવામાં આવે છે અને દર્દીઓની નાણાકીય સ્થિતિને ધ્યાનમાં લીધા વિના અંગોની ફાળવણી શ્રેષ્ઠ મેચિંગને આધારે કરવામાં આવે છે.

મુખ્ય પેજ

- સરકાર દ્વારા સમાજમાં ઓર્ગન ડોનેશનની પ્રવૃત્તિને વેગ મળે તે હેતુથી અંગદાતાના પરિવારજનોના સન્માનના કાર્યક્રમો કરી સમાજમાં ઓર્ગન ડોનેશન કરવા પ્રોત્સાહન આપવામાં આવે છે.
- અંગદાનની પ્રવૃતિને પ્રોત્સાહન આપવા માટે કેન્દ્ર સરકાર દ્વારા NATIONAL ORGAN AND TISSUE TRANSPLANT PROGRAMME (NOTP) અને તેના અમલીકરણ માટેના દિશા–નિર્દેશો પ્રકાશિત કરવામાં આવ્યા છે. આ માર્ગદર્શિકાને ધ્યાનમાં રાખીને ગુજરાત સરકાર દ્વારા અંગદાન અને અંગ પ્રત્યારોપણની કામગીરી તમામ સ્તરે પારદર્શિતાપૂર્વક સંચાલિત થાય તે માટે રાજ્યમાં STATE ORGAN AND TISSUE TRANSPLANT ORGANIZATION- SOTTO, ગુજરાતની સ્થાપના તા.૨૩–૦૧–૨૦૧૯થી કરવામાં આવી હતી. SOTTO, ગુજરાતની સ્થાપના થયા બાદ રાજ્યમાં અંગદાનને ખૂબ જ પ્રોત્સાહન મળેલ અને તેમાંથી પ્રાપ્ત થયેલ અંગદાનથી ઘણાં દર્દીઓને નવું જીવન મળેલ છે.
- જીવંત દાતાઓ (કીડની અને લીવર) તરફથી થતાં અંગદાન અને તેના ટ્રાન્સપ્લાન્ટેશન માટે હોસ્પિટલો કે દર્દીએ SOTTO માં રજીસ્ટ્રેશન કરાવવાની જરૂરીયાત નથી.
- રાજ્યમાં કુલ ૧૭ સરકારી હોસ્પિટલો ઓર્ગન રીટ્રીવલ તેમજ ટ્રાન્સપ્લાન્ટ ૨ હોસ્પિટલો દ્વારા કરવામાં આવે છે.
- રાજ્યમાં કુલ ૭૭ ખાનગી હોસ્પિટલો ઓર્ગન રીટ્રીવલ તેમજ ટ્રાન્સપ્લાન્ટેશન ૨૩ હોસ્પિટલો દ્વારા કરવામાં આવે છે.
- પ્રાઈવેટ હોસ્પિટલ ખાતે ઓર્ગન પ્રાપ્ત થાય ત્યારે ક્રમાંક નં ૧,૩,૫ પ્રાઈવેટ હોસ્પિટલમાં ફાળવવવામાં આવે છે. અને ૨ અને ૪ સરકારી હોસ્પિટલમાં ફાળવવામાં આવે છે.

મુખ્ય પેજ

- સરકારી હોસ્પિટલ  ખાતે ઓર્ગન પ્રાપ્ત થાય ત્યારે ક્રમ નં. ૧,૩,૫ સરકારી હોસ્પિટલમાં ફાળવવામાં આવે છે. અને ૨ અને ૪ સરકારી હોસ્પિટલને ફાળવવામાં આવે છે.
- ગુજરાત રાજ્યની વિવિધ NGO જેવી કે "અંગદાન ચેરીટેબલ ટ્રસ્ટ", "ડોનેટ લાઇફ", "જીવનદીપ ફાઉન્ડેશન", "ઓર્ગન ડોનેશન ફાઉંડેશન", "શતાયુ" જેવી સંસ્થાઓ અંગદાનની પ્રવૃત્તિને વધુમાં વધુ વેગ આપવા કાર્યશીલ છે.

મુખ્ય પેજ

# પેટા પ્રશ્નો

## અગ્રતા ક્રમ :૧૧

### પ્રશ્ન ક્રમાંક :૧૫/૪/૨૧૪૨

### તા. ૨૯/૦૨/૨૦૨૪

### આરોગ્ય વિભાગ

**માન.ધારાસભ્યશ્રી : શ્રી દિનેશસિંહ રાજેન્દ્રસિંહ કુશવાહ(બાપુનગર)**

**પ્રશ્ન:– સિવિલ હોસ્પિટલ, અમદાવાદ ખાતે નોંધાયેલ અંગદાતા**

| પેટા પ્રશ્ન ક્રમાંક | પ્રશ્નની વિગત | ધારાસભ્યશ્રીનું નામ |
|---|---|---|
| ૧ | રાજ્યમાં તા.૩૧–૧૨–૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં જીવંત અને મૃત અંગદાતાઓ દ્વારા કેટલા અને ક્યા ક્યા પ્રકારના અંગો દાન કરેલ છે? | શ્રી દિનેશસિંહ રાજેન્દ્રસિંહ કુશવાહ(બાપુનગર) |
| ૨ | હોસ્પિટલોએ અંગ પ્રત્યારોપણની માન્યતા મેળવવા માટે રજીસ્ટ્રેશન પ્રક્રિયા જણાવશો. તથા દર્દીએ કેડેવર ડોનર(મૃતદાતા)માંથી અંગદાન મેળવવા નોંધણી કરાવવા માટે શું પ્રક્રીયા કરવાની હોય છે તે જણાવશો. | શ્રી દુર્લભજીભાઇ દેથરીયા, ટંકારા |
| ૩ | હોસ્પિટલોએ અંગ પ્રત્યારોપણની માન્યતા મેળવવા માટે રજીસ્ટ્રેશન પ્રક્રિયા જણાવશો. તથા દર્દીએ કેડેવર ડોનર(મૃતદાતા)માંથી અંગદાન મેળવવા નોંધણી કરાવવા માટે શું પ્રક્રીયા કરવાની હોય છે તે જણાવશો. | શ્રીમતી કંચનબેન રાદડીયા, ઠક્કરબાપાનગર |

મુખ્ય પેજ

**અગ્રતાક્રમ– ૧૧**

**તારાંકિત પ્રશ્ન ક્રમાંક-૧૫/૪/૨૧૪૨**

**આરોગ્ય વિભાગ**

**તા.૨૯/૦૨/૨૦૨૪**

પેટા પ્રશ્ન ૧ (શ્રી દિનેશસિંહ રાજેન્દ્રસિંહ કુશવાહ(બાપુનગર))

- **રાજ્યમાં તા.૩૧–૧૨–૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં જીવંત અને મૃત અંગદાતાઓ દ્વારા કેટલા અને ક્યા ક્યા પ્રકારના અંગો દાન કરેલ છે?**

**જવાબ–**

- રાજ્યમાં તા.૩૧–૧૨–૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં **જીવંત અંગદાતાઓ** દ્વારા પ્રાપ્ત થયેલ અંગોની વિગત જોઈએ તો..

| ૨૦૨૨ | | ૨૦૨૩ | | કુલ | |
|---|---|---|---|---|---|
| કિડની | લીવર | કિડની | લીવર | કિડની | લીવર |
| **૬૧૭** | **૬૨** | **૫૬૪** | **૬૯** | **૧૧૮૧** | **૧૩૧** |

મુખ્ય પેજ

## પેટા પ્રશ્ન ૨ (શ્રી દુર્લભજીભાઇ દેથરીયા, ટંકારા)

➢ **હોસ્પિટલોએ અંગ પ્રત્યારોપણની માન્યતા મેળવવા માટે રજીસ્ટ્રેશન પ્રક્રિયા જણાવશો. તથા દર્દીએ કેડેવર ડોનર(મૃતદાતા)માંથી અંગદાન મેળવવા નોંધણી કરાવવા માટે શું પ્રક્રીયા કરવાની હોય છે તે જણાવશો.**

**જવાબ :–**

➢ રાજ્યમાં તા.૩૧–૧૨–૨૦૨૩ની સ્થિતિએ જેમની પાસેથી અંગો પ્રાપ્ત થયેલ છે તે મૃત અંગદાતાઓની વિગત જોઇએ તો..

| | ૨૦૨૨ | ૨૦૨૩ | કુલ |
|---|---|---|---|
| મૃત અંગદાતાઓ | ૧૪૮ | ૧૪૬ | **૨૯૪** |

➢ તથા પ્રાપ્ત થયેલ અંગોની વિગત જોઇએ તો ..

| **વર્ષ** | **૨૦૨૨** | **૨૦૨૩** | **કુલ** |
|---|---|---|---|
| કિડની | ૨૫૨ | ૨૫૪ | **૫૦૬** |
| લીવર | ૧૨૪ | ૧૨૬ | **૨૫૦** |
| હૃદય | ૩૩ | ૩૧ | **૬૪** |
| ફેફસા | ૨૨ | ૪૨ | **૬૪** |
| સ્વાદુપિંડ | ૦૩ | ૦૧ | **૦૪** |
| નાના આંતરડા | ૦૨ | ૦૭ | **૦૯** |
| હાથ | ૦૮ | ૦૮ | **૧૬** |
| **કુલ :–** | **૪૪૪** | **૪૬૯** | **૯૧૩** |

મુખ્ય પેજ

પેટા પ્રશ્ન ૩ (શ્રીમતી કંચનબેન રાદડીયા, ઠક્કરબાપાનગર)

- **હોસ્પિટલોએ અંગ પ્રત્યારોપણની માન્યતા મેળવવા માટે રજીસ્ટ્રેશન પ્રક્રિયા જણાવશો.**
- **દર્દીએ કેડેવર ડોનર(મૃતદાતા)માંથી અંગદાન મેળવવા નોંધણી કરાવવા માટે શું પ્રકીયા કરવાની હોય છે તે જણાવશો.**

જવાબ–

- હોસ્પિટલ દ્વારા અંગ પ્રત્યારોપણની માન્યતા મેળવવા માટે
- SOTTO(State Organ and Tissue Transplant Organization), ગુજરાતની વેબસાઈટ પર ઉપલબ્ધ ફોર્મમાં અરજી કરવાની રહે છે. જે માટે નિયમ મુજબ ફી ભરવાની હોય છે.
- અરજી અન્વયે સ્ટેટ ઓથોરાઈઝેશન કમિટી દ્વારા જે–તે અંગ પ્રત્યારોપણ માટે નિષ્ણાત તજજ્ઞોની ઈન્સ્પેકશન ટીમની રચના કરવામાં આવે છે.
- ઈન્સ્પેકશન ટીમ દ્વારા હોસ્પિટલની રૂબરૂ મુલાકાત કર્યા બાદ રજુ કરાયેલ રીપોર્ટ ધ્યાને લઈ સ્ટેટ ઓથોરાઈઝેશન કમિટી દ્વારા હોસ્પિટલને જે તે અંગ પ્રત્યારોપણ સેન્ટર તરીકે પાંચ વર્ષ માટે માન્યતા આપવામાં આવે છે.
- અંગ પ્રત્યારોપણ સેન્ટર તરીકે માન્યતા મળ્યા બાદ કેડેવર પ્રત્યારોપણ (મૃતદાતા અંગ પ્રત્યારોપણ) માટે જે તે હોસ્પિટલ દ્વારા SOTTO અને NOTTO(National Organ and Tissue Transplantation Organization–New Delhi) માં ઓનલાઈન નોંધણી કરાવવી જરૂરી હોય છે.

મુખ્ય પેજ

- અંગદાન મેળવતા ઈચ્છુક **<u>દર્દી</u>** જો **<u>કેડેવર ડોનર(મૃતદાતા)</u>**માંથી જરૂરી અંગ મેળવવા માંગતા હોય તો, દર્દીએ તે અંગ પ્રત્યારોપણ માટે માન્ય હોસ્પિટલ એટલે કે રજીસ્ટર્ડ થયેલી હોસ્પિટલ મારફતે SOTTO અને NOTTOની વેબસાઈટમાં ઓનલાઈન નોંધણી કરાવવાની હોય છે.

[મુખ્ય પેજ]

# પ્રશ્ન–૧૨

**પ્રશ્ન ક્રમાંક – ૧૫/૪/૨૩૩૦**
**તા. ૨૯/૦૨/૨૦૨૪**
**આરોગ્ય વિભાગ**

**માન. ધારાસભ્યશ્રી :** –શ્રી મહેશ કસવાલા સાવરકુંડલા

**પ્રશ્ન :–** "અમરેલી જિલ્લામા પ્રાથમિક અને સામુહિક આરોગ્ય કેન્દ્રોના નવા મકાનો."

[મુખ્ય પેજ]

# મુળ પ્રશ્ન અને છાપ્યા મુજબનો જવાબ

**અમરેલી જિલ્લામાં પ્રાથમિક અને સામુહિક આરોગ્ય કેન્દ્રોના નવા મકાનો**

***15/4/2330 શ્રી મહેશભાઇ કસવાલા** (સાવરકુંડલા) **: માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| | પ્રશ્ન | | જવાબ |
|---|---|---|---|
| (૧) | તા.૩૧-૧૨-૨૦૨૩ની સ્થિતિએ અમરેલી જિલ્લામાં કુલ કેટલા પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો અને સામુહિક આરોગ્ય કેન્દ્રોના મકાનો જૂના અને જર્જરિત છે, | (૧) | તા.૩૧-૧૨-૨૦૨૩ ની સ્થિતિએ અમરેલી જિલ્લામાં કુલ ૦૮ (આઠ) પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો અને ૦૩ (ત્રણ) સામુહિક આરોગ્ય કેન્દ્રો ના મકાનો જુના અને જર્જરિત હાલતમાં છે. |
| (૨) | ઉક્ત આરોગ્ય કેન્દ્રો નવા બનાવવા માટે સરકારનું કોઈ આયોજન છે કે કેમ,અને | (૨) | • ૦૫ (પાંચ) પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોના બાંધકામો મંજુર કરવામાં આવેલ છે જે વર્ક ઓર્ડર લેવલે છે.<br>• ૦૩ (ત્રણ) પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો અને ૦૩ (ત્રણ) સામુહિક આરોગ્ય કેન્દ્રોની બાંધકામ માટે આગામી વર્ષોમાં નાણાકીય જોગવાઈ થયેથી વિચારણા કરી શકાશે. |
| (૩) | જો હા, તો કયા સુધીમાં ઉક્ત આરોગ્ય કેન્દ્રોના નવીનીકરણનું કામ પૂર્ણ કરવામાં આવશે? | (૩) | ૦૫ (પાંચ) પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોના વર્ક ઓર્ડર મળ્યેથી શક્યતઃ એક વર્ષમાં કામગીરી પૂર્ણ કરવામાં આવશે. |

----------------

મુખ્ય પેજ

# પુરક નોંધ

## આરોગ્ય માળખાકીય સુવિધાઓ:–

અમરેલી જીલ્લાની અંદાજીત કુલ વસ્તી ૧૫ લાખ છે. જેમાં ૧૧ તાલુકાઓ આવેલ છે. હાલ અમરેલીમાં ૧ (એક) ડિસ્ટ્રિક્ટ હોસ્પિટલ, ૩ (ત્રણ) સબ ડિસ્ટ્રિક્ટ હોસ્પિટલ ૧૩ સામૂહિક આરોગ્ય કેન્દ્ર, ૪૧ પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર, ૨૪૫ પેટા આરોગ્ય કેન્દ્ર, ૧ આયુર્વેદિક હોસ્પિટલ, ૨૧ આયુર્વેદિક ડિસ્પેન્સરી અને ૧૦ હોમિયોપેથીક ડિસ્પેન્સરી આવેલ છે.

➢ **ભારત સરકારશ્રીના ધારાધોરણો**

| અ.નં. | આરોગ્ય કેન્દ્રો | બિન આદિજાતિ વિસ્તાર | આદિજાતિ વિસ્તાર રણ વિસ્તાર |
|---|---|---|---|
| ૧ | પેટા આરોગ્ય કેન્દ્ર | ૫,૦૦૦ | ૩,૦૦૦ |
| ૨ | પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર | ૩૦,૦૦૦ | ૨૦,૦૦૦ |
| ૩ | સામુહિક આરોગ્ય કેન્દ્ર | ૧,૨૦,૦૦૦ | ૮૦,૦૦૦ |

➢ રાજયમાં કુલ ૯૮ મોબાઇલ હેલ્થ યુનિટ અને ૩૦ અગરીયા વિસ્તારના મળી કુલ ૧૨૮ જેટલા મોબાઇલ કોમ્પ્રીહેન્સીવ હેલ્થ કેર યુનિટો મંજુર કરવામાં આવેલ છે.

મુખ્ય પેજ

# રાજ્યમાં ૨૦૧૧ની ગ્રામ્ય વસ્તી પ્રમાણે અને રૂરલ હેલ્થ સ્ટેટીસ્ટીક્સ

| આરોગ્ય કેન્દ્રો | જરૂરીયાત | હયાત | વધ/ઘટ |
|---|---|---|---|
| પેટા કેન્દ્ર | ૯૦૬૩ | ૯૨૩૧ | + ૧૬૮ વધ |
| પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર | ૧૪૨૬ | ૧૪૯૯ | +૫૧ વધ |
| સામુહિક આરોગ્ય કેન્દ્ર | ૩૬૫ | ૩૬૫ | – |

## સામુહિક આરોગ્ય કેન્દ્ર મહેકમ

| ક્રમ | સંવર્ગ | મંજુર | ભરેલી | ખાલી |
|---|---|---|---|---|
| ૧ | વર્ગ–૧ | ૪૩ | ૦ | ૪૩ |
| ૨ | વર્ગ–૨ | ૩૯ | ૨૯ | ૧૦ |
| ૩ | વર્ગ–૩ | ૧૬૯ | ૧૪૬ | ૨૩ |
| ૪ | વર્ગ–૪ | ૧૪૩ | ૧૩૫ | ૮ |
| **કુલ** | | **૩૯૪** | **૩૧૦** | **૮૪** |

મુખ્ય પેજ

# પેટા પ્રશ્નો

# અગ્રતા ક્રમ :૧૨

## પ્રશ્ન ક્રમાંક : ૧૫/૪/૨૩૩૦

તા.૨૯ /૦૨/૨૦૨૪

આરોગ્ય વિભાગ

**માન.ધારાસભ્યશ્રી : શ્રી મહેશ કસવાલા, સાવરકુંડલા**

**પ્રશ્ન:– "અમરેલી જિલ્લામા પ્રાથમિક અને સામુહિક આરોગ્ય કેન્દ્રોના નવા મકાનો."**

| પેટા પ્રશ્ન ક્રમાંક | પ્રશ્નની વિગત | ધારાસભ્યશ્રીનું નામ |
|---|---|---|
| ૧ | સને ૨૦૧૧ ની ગ્રામ્ય વસ્તીના ધોરણો મુજબ અમરેલી જિલ્લામાં તાલુકાવાર આવેલ પેટા આરોગ્ય કેન્દ્ર, પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર અને સામુહિક આરોગ્ય કેન્દ્ર મળવાપાત્ર, મંજુર અને વધ ઘટની વિગત શું છે? | શ્રી મહેશભાઇ કસવાલા, સાવરકુંડલા |
| ૨ | અમરેલી જિલ્લાનાં પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો મહેકમની વિગતો શું છે ? | શ્રી જે.વી. કાકડીયા, ધારી |
| ૩ | અમરેલી જિલ્લામાં પેટા જિલ્લા હોસ્પિટલ, પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો, સામુહિક આરોગ્ય કેન્દ્રો અને પેટા આરોગ્ય કેન્દ્રોના બાંધકામની અદ્યતન વિગતો શું છે ? | શ્રી જનકભાઇ તળાવિયા, લાઠી |

મુખ્ય પેજ

**અગ્રતાક્રમ–૧૨**
**તારાંકિત પ્રશ્ન ક્રમાંક– ૧૫/૪/૨૩૩૦**
**આરોગ્ય વિભાગ**
**તા. ૨૯/૦૨/૨૦૨૪**

## પેટા પ્રશ્ન–૧ (શ્રી મહેશભાઇ કસવાલા, સાવરકુંડલા)

- **સને ૨૦૧૧ ની ગ્રામ્ય વસ્તીના ધોરણો મુજબ અમરેલી જિલ્લામાં તાલુકાવાર આવેલ પેટા આરોગ્ય કેન્દ્ર, પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર અને સામુહિક આરોગ્ય કેન્દ્ર મળવાપાત્ર, મંજુર અને વધ ઘટની વિગત શું છે?**

**જવાબ**

- સને ૨૦૧૧ ની ગ્રામ્ય વસ્તીના ધોરણો મુજબ અમરેલી જિલ્લામાં તાલુકાવાર આવેલ પેટા આરોગ્ય કેન્દ્ર, પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર અને સામુહિક આરોગ્ય કેન્દ્ર મળવાપાત્ર, મંજુર અને વધ ઘટની વિગત જોઈએ તો..

[મુખ્ય પેજ]

## ૨૦૧૧ ની ગ્રામ્ય વસ્તી ના ધોરણે તાલુકાવાર, જિલ્લાવાર સા.આ.કેન્દ્ર, પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર, પેટા આ.કેન્દ્રની ઘટ *દર્શાવતું પત્રક

| અ. નં. | તાલુકાનું નામ | ૨૦૧૧ ની ગ્રામ્ય વસ્તી | સા.આ. કેન્દ્ર | | | પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર | | | પેટા આ.કેન્દ્ર | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | જરૂરીયાત | હયાત | વધ/ ઘટ | જરૂરીયાત | હયાત | વધ/ઘટ | જરૂરીયાત | હયાત | વધ/ઘટ |
| ૧ | અમરેલી | ૧૨૩૩૧૨ | ૧ | ૧ | ૦ | ૪ | ૪ | ૦ | ૨૫ | ૩૨ | ૭ |
| ૨ | બાબરા | ૧૧૫૨૫૧ | ૧ | ૧ | ૦ | ૪ | ૪ | ૦ | ૨૩ | ૨૦ | -૩ |
| ૩ | બગસરા | ૫૫૯૨૧ | ૦ | ૧ | ૧ | ૨ | ૩ | ૦ | ૧૧ | ૧૪ | ૩ |
| ૪ | ધારી | ૧૨૩૦૮૬ | ૧ | ૨ | ૧ | ૪ | ૪ | ૦ | ૨૫ | ૨૮ | ૩ |
| ૫ | જાફરાબાદ | ૮૦૮૩૫ | ૧ | ૧ | ૦ | ૩ | ૩ | ૦ | ૧૬ | ૧૮ | ૨ |
| ૬ | ખાંભા | ૯૩૪૩૧ | ૧ | ૧ | ૦ | ૩ | ૩ | ૦ | ૧૯ | ૨૧ | ૨ |
| ૭ | કુંકાવાવ વડિયા | ૯૯૭૯૪ | ૧ | ૨ | ૧ | ૩ | ૪ | ૧ | ૨૦ | ૨૩ | ૩ |
| ૮ | લાઠી | ૯૫૧૨૭ | ૧ | ૧ | ૧ | ૩ | ૪ | ૧ | ૧૯ | ૨૧ | ૨ |
| ૯ | લીલીયા | ૫૦૦૬૪ | ૦ | ૧ | ૧ | ૨ | ૨ | ૦ | ૧૦ | ૧૪ | ૪ |
| ૧૦ | રાજુલા | ૧૩૭૨૦૪ | ૧ | ૦ | ૦ | ૫ | ૫ | ૦ | ૨૭ | ૨૧ | -૬ |
| ૧૧ | સાવર કુંડલા | ૧૪૩૯૭૯ | ૧ | ૨ | ૨ | ૫ | ૬ | ૧ | ૨૯ | ૩૩ | ૪ |
| કુલ :– | | ૧૧૧૮૦૦૪ | ૯ | ૧૩ | ૭ | ૩૮ | ૪૨ | ૪ | ૨૨૪ | ૨૪૫ | ૨૧ |

**નોંધ– લાઠી, રાજુલા અને સાવરકુંડલા ખાતે પેટા જીલ્લા હોસ્પિટલ છે.**

મુખ્ય પેજ

## પેટા પ્રશ્ન–૨ (શ્રી જે.વી. કાકડીયા, ધારી)

➢ **અમરેલી જિલ્લાનાં પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો મહેકમની વિગતો શું છે?**

**જવાબ–**

➢ અમરેલી જિલ્લાનાં સામૂહિક આરોગ્ય કેન્દ્રો અને પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો વિગતો જોઈએ તો...

### પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો

| ક્રમ | સંવર્ગ | મંજુર | ભરેલી | ખાલી |
|---|---|---|---|---|
| ૧ | વર્ગ–૨ | ૪૨ | ૩૫ | ૭ |
| ૨ | વર્ગ–૩ | ૧૨૮ | ૭૩ | ૫૫ |
| ૩ | વર્ગ–૪ | ૧૬૮ | ૨ | ૧૬૬ |
| **કુલ** | | **૩૩૮** | **૧૧૦** | **૨૨૮** |

મુખ્ય પેજ

## પેટા પ્રશ્ન-૩ (શ્રી જનકભાઇ તળાવિયા, લાઠી)

➢ **અમરેલી જિલ્લામાં પેટા જિલ્લા હોસ્પિટલ, પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો, સામુહિક આરોગ્ય કેન્દ્રો અને પેટા આરોગ્ય કેન્દ્રોના બાંધકામની અદ્યતન વિગતો શું છે ?**

**જવાબ**

| **અનુ. નં** | **કુલ મકાનોની વિગતો** | **આરોગ્ય કેન્દ્રના હાલની પરિસ્થિતી** |
|---|---|---|
| ૧ | સબ ડિસ્ટ્રિક્ટ હોસ્પિટલ, (કુલ-૩ ) | (૧) સાવરકુંડલા ખાતે ૧૫૦ બેડ ની હોસ્પિટલ કાર્યરત છે. તથા ૫૦ બેડ અપગ્રેડેસનનું બાંધકામ મંજૂર થયેલ છે. જેનો પ્લાન અને એસ્ટીમેન્ટનું કામ પ્રગતિમાં છે. સી. સી. બ્લોક ના કામનો પ્લાન અને એસ્ટીમેન પ્રગતિમાં છે.<br>(૨) રાજુલા ખાતે ૧૦૦ બેડ ની હોસ્પિટલ કાર્યરત છે.<br>(૩) લાઠી ખાતે જૂની હોસ્પિટલ તોડીને ૧૦૦ બેડ ની નવી હોસ્પિટલનું બાંધકામ વર્ષ ૨૦૨૪-૨૫ માં મંજૂર થયેલ છે. |
| ૨ | સામૂહિક આરોગ્ય કેન્દ્ર (કુલ- ૧૩) | ૨ - પ્રગતિ હેઠળ<br>૧-એસ્ટીમેન્ટ લેવલ<br>૧- જર્જરિત હાલત<br>૯- સારી પરિસ્થિતી હેઠળ |
| ૩ | પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર (કુલ -૪૨ ) | ૧ - વર્ક ઓર્ડર ના સ્તરે<br>૪ -ટેન્ડર મંજૂરી હેઠળ<br>૨ -ટેન્ડર પ્રકિયા હેઠળ<br>૪- જર્જરીત હાલત માં<br>૩૧-સારી પરિસ્થિતીમાં |
| ૪ | પેટા આરોગ્ય કેન્દ્ર (કુલ- ૨૪૫ ) | ૧૫- પ્રગતિ હેઠળ<br>૨૦-ટેન્ડર પ્રકિયા હેઠળ<br>૩૮ -જર્જરીત હાલત માં<br>૧૭૨-સારી હાલત મા |

મુખ્ય પેજ

# પ્રશ્ન – ૧૩

**પ્રશ્ન ક્રમાંક – ૧૫/૪/૨૧૩૯**

**તા. ૨૯/૦૨/૨૦૨૪**

**આરોગ્ય વિભાગ**

**માન. ધારાસભ્યશ્રી :** શ્રી અમુલ ભટ્ટ (મણીનગર)

**પ્રશ્ન :–** ખોરાક અને ઔષધના નમુનાઓની ચકાસણી માટે પ્રયોગશાળા

મુખ્ય પેજ

# મુળ પ્રશ્ન અને છાપ્યા મુજબનો જવાબ

ખોરાક અને ઔષધના નમૂનાઓની ચકાસણી માટે પ્રયોગશાળા

*15/4/2139: **શ્રી અમુલ ભટ્ટ(મણીનગર)**: **માનનીય આરોગ્યમંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કેઃ–

| | પ્રશ્ન | | જવાબ |
|---|---|---|---|
| (૧) | તા.૩૧–૧૨–૨૦૨૩ની સ્થિતિએ ખોરાક અને ઔષધના નમૂનાઓની ચકાસણી કરવા માટે ખોરાક અને ઔષધ નિયમન તંત્ર હેઠળ રાજ્યમાં કેટલી પ્રયોગશાળા આવેલ છે, | (૧) | કૂલ–૦૩ પ્રયોગશાળા કાર્યરત છે. |
| (૨) | ઉક્ત સ્થિતિએ રાજ્યમાં આવી પ્રયોગશાળાના નવા બાંધકામ અંગે છેલ્લા એક વર્ષમાં કોઇ કામગીરી કરેલ છે કે કેમ, | (૨) | હા |
| (૩) | જો હા, તો તેના માટે નાણાકીય વર્ષ ૨૦૨૩–૨૪માં કેટલી જોગવાઇ કરવામાં આવેલ છે, અને | (૩) | ૧૫૦ લાખ |
| (૪) | આ બાંધકામ ઉક્ત સ્થિતિએ કયા તબક્કે છે? | (૪) | વડોદરા પ્રયોગશાળાનું બાંધકામ જી + ૯ માળ સુધી પૂર્ણ થયેલ છે જ્યારે, સુરત પ્રયોગશાળાના બાંધકામના નકશા તથા અંદાજોની કામગીરી પ્રગતિમાં છે. |

મુખ્ય પેજ

# પુરક નોંધ

- વડોદરા ખાતે ૫૨ કરોડના ખર્ચે અદ્યતન પ્રયોગશાળા બનાવવામાં આવેલ છે જેનુ લોકાર્પણ તા. ૨૧/૦૫/૨૦૨૩ના રોજ કરવામાં આવેલ છે.
- સને ૧૯૪૦ના ઔષધ અને સૌંદર્ય પ્રસાધન ધારા હેઠળ આ તંત્રના ઔષધ નિરીક્ષકો દ્વારા ઉત્પાદકો તેમજ વિક્રેતા પેઢીઓ ખાતેથી ઔષધના નમૂના લેવામાં આવે છે જે આ તંત્રની ખોરાક અને ઔષધ પ્રયોગશાળા વડોદરા ખાતે ગુણવત્તાની ચકાસણી કરવામાં આવે છે. આ પ્રયોગશાળા ખોરાક તથા ઔષધના નમૂનાઓની ચકાસણી માટેની સૌથી મોટી તેમજ અદ્યતન સાધનસામગ્રીથી સુસજ્જ એન.એ.બી.એલ પ્રમાણિત પ્રયોગશાળા છે.
- નિયમોનુસાર ઔષધના નમૂનાઓની ચકાસણીનો સમયગાળો ૬૦(સાઠ) દિવસનો હોય છે તેમજ આ તંત્ર દ્વારા અદ્યત્તન સાધનસામગ્રીનો મહત્તમ ઉપયોગ કરી તેમજ શીફ્ટ ડ્યુટીનું આયોજન કરી નમૂનાઓની સમયમર્યાદામાં ચકાસણી કરી શકાય તેવું આયોજન કરેલ છે.
- વધુમાં કોવિડ–૧૯ જેવી મહામારીના સમયમાં માઈક્રો બાયોલોજીકલ ટેસ્ટીંગ માટેની ઓટોમેટેડ સ્ટેરિલિટી મોનિટરિંગ સિસ્ટમ, ઓટોમેટેડ માઇક્રોબાયોલોજીકલ આઈડેન્ટિફિકેશન સિસ્ટમ જેવા અદ્યતન સિસ્ટમ દ્વારા રેપિડ ટેસ્ટ કરી ટેસ્ટનો સમયગાળો ૧૪(ચૌદ) દિવસથી ઘટાડીને ૪(ચાર) જ કલાકમાં રિપોર્ટ આપી રેમડેસીવીર ઈન્જેક્શન, એનોક્સા પેરીન ઈન્જેક્શન જેવી અગત્યની દવાઓના નમુનાઓની ચકાસણી ઝડપથી પૂર્ણ કરી આરોગ્ય લક્ષી લક્ષ્યાંક હાંસલ કરવામાં તંત્ર સફળ રહ્યું છે જે જાહેર જનતાને ખૂબ ઉપયોગી નીવડયુ છે.

મુખ્ય પેજ

# પેટા પ્રશ્નો

## અગ્રતા ક્રમ – ૧૩
## તા. ૨૯/૦૨/૨૦૨૪
## આરોગ્ય વિભાગ

**માન. ધારાસભ્યશ્રી – શ્રી અમુલ ભટ્ટ (મણીનગર)**

**પ્રશ્ન – ખોરાક અને ઔષધના નમુનાઓની ચકાસણી માટે પ્રયોગશાળા**

| પેટા પ્રશ્ન ક્રમાંક | પ્રશ્નની વિગત | ધારાસભ્યશ્રીનું નામ |
|---|---|---|
| ૧ | ➢ રાજ્યમાં ખોરાકના અને ઔષધના નમુનાઓની ચકાસણી માટે કુલ કેટલી પ્રયોગશાળાઓ આવેલ છે? સૌરાષ્ટ્ર વિસ્તારમાં ઔષધના નમુનાઓની ચકાસણી માટેની પ્રયોગશાળા શરૂ કરવાનુ આયોજન છે?<br>➢ પ્રયોગશાળાઓની નમુનાઓની ચકાસણીની વાર્ષિક ક્ષમતા કેટલી છે? | શ્રી અમુલ ભટ્ટ મણીનગર |
| ૨ | પ્રયોગશાળાઓ ખાતે નમુનાઓની ચકાસણી અર્થે કયા કયા અદ્યતન સાધનો ઉપલબ્ધ છે? | શ્રીમતી દર્શનાબેન વાઘેલા, અસારવા |
| ૩ | ➢ વડોદરા પ્રયોગશાળા ખાતે માઇક્રોબાયોલોજીકલ ટેસ્ટીંગ માટેની કઇ અદ્યતન સુવિધા ઉપલબ્ધ છે?<br>➢ રેપીડ માઇક્રોબાયોલોજીકલ ટેસ્ટીંગની વિશેષતા શુ છે? | શ્રીમતી મનિષાબેન વકીલ, વડોદરા |

મુખ્ય પેજ

**અગ્રતા ક્રમ – ૧૩**

**તારાંકિત પ્રશ્ન ક્રમાંક – ૧૫/૪/૨૧૩૯**

**તા.૨૯/૦૨/૨૦૨૪**

પેટા પ્રશ્ન : ૦૧ (શ્રી અમુલ ભટ્ટ મણીનગર)

- **રાજ્યમાં ખોરાકના અને ઔષધના નમુનાઓની ચકાસણી માટે કુલ કેટલી પ્રયોગશાળાઓ આવેલ છે? સૌરાષ્ટ્ર વિસ્તારમાં ઔષધના નમુનાઓની ચકાસણી માટેની પ્રયોગશાળા શરૂ કરવાનુ આયોજન છે?**
- **પ્રયોગશાળાઓની નમુનાઓની ચકાસણીની વાર્ષિક ક્ષમતા કેટલી છે?**

**જવાબ :**

- રાજ્યમાં ખોરાકના નમુનાઓની ચકાસણી માટે કુલ છ પ્રયોગશાળાઓ આવેલ છે. તે પૈકી રાજ્ય સરકાર હસ્તકની ત્રણ અને કોર્પોરેશન હસ્તકની ત્રણ પ્રયોગશાળાઓ આવેલ છે. ઔષધના નમુનાઓની ચકાસણી માટે ૧ પ્રયોગશાળા આવેલ છે.
- સૌરાષ્ટ્ર વિસ્તારમાં હાલમાં ઉપલબ્ધ પ્રાદેશિક ખોરાક પ્રયોગશાળા, રાજકોટ ખાતે ઔષધના નમુનાઓની ચકાસણી માટેની પ્રયોગશાળા શરૂ કરવાનુ આયોજન કરેલ છે.
- ઔષધના પ્રતિ વર્ષ કુલ: ૧૭૦૦૦ જેટલા તેમજ ખોરાકના પ્રતિ વર્ષ કુલ ૧૫૦૦૦ જેટલા નમૂનાઓની ચકાસણીની ક્ષમતા ધરાવે છે.

મુખ્ય પેજ

## પેટા પ્રશ્ન : ૨ (શ્રીમતી દર્શનાબેન વાઘેલા, અસારવા)

➢ **પ્રયોગશાળાઓ ખાતે નમુનાઓની ચકાસણી અર્થે કયા કયા અદ્યતન સાધનો ઉપલબ્ધ છે?**

**જવાબ :**

(૧) લિક્વિડ ક્રોમેટોગ્રાફી –એમ.એસ./એમ.એસ.
(૨) ગેસ ક્રોમેટોગ્રાફી– એમ.એસ./એમ.એસ.
(૩) આઇ.સી.પી.– એમ.એસ.
(૪) એટોમીક એબ્સોપ્શન સ્પેકટ્રોમીટર
(૫) ઓટોમેટેડ સ્ટરીલીટી મોનીટરીંગ સિસ્ટમ
(૬) ઓટોમેટેડ માઇક્રોબાયોલોજીકલ આઇડેન્ટિફિકેશન સિસ્ટમ
(૭) ડિઝોલ્યુશન ટેસ્ટ એપરેટસ.
(૮) એચ.પી.એલ.સી.
(૯) માઇક્રોસ્કોપ

મુખ્ય પેજ

## પેટા પ્રશ્ન : ૩ (શ્રીમતી મનિષાબેન વકીલ, વડોદરા)

- **વડોદરા પ્રયોગશાળા ખાતે માઈક્રોબાયોલોજીકલ ટેસ્ટીંગ માટેની કઈ અદ્યતન સુવિધા ઉપલબ્ધ છે?**
- **રેપીડ માઈક્રોબાયોલોજીકલ ટેસ્ટીંગની વિશેષતા શુ છે?**

**જવાબ :**

- વડોદરા ખાતે રેપીડ માઈક્રોબાયોલોજીકલ ટેસ્ટીંગની સુવિધા વર્ષ : ૨૦૧૮થી ઉપલબ્ધ  છે.
- રેપીડ માઈક્રોબાયોલોજીકલ ટેસ્ટીંગની ખાસ વિશેષતા એ છે કે,

  નોર્મલ સ્ટરીલિટી ટેસ્ટ માટેનો સમયગાળો ચૌદ દિવસનો હોય છે જ્યારે રેપીડ ટેસ્ટ દ્વારા માત્ર ચાર કલાકમાં ટેસ્ટીંગનો રીપોર્ટ આપી શકાય છે.

મુખ્ય પેજ

# પ્રશ્ન – ૧૬

**પ્રશ્ન ક્રમાંક – ૧૫/૪/૨૫૮૨**

**તા. ૨૯/૦૨/૨૦૨૪**

**આરોગ્ય વિભાગ**

**માન. ધારાસભ્યશ્રી :** શૈલેષ મનુભાઈ પરમાર (દાણીલીમડા)

**પ્રશ્ન :–** ફાર્મા કંપનીઓ દ્વારા ગેરકાયદેસર રીતે નશાયુક્ત ડ્રગ્સ કે દવાની બનાવટ અને વેચાણ

મુખ્ય પેજ

# મુળ પ્રશ્ન અને છાપ્યા મુજબનો જવાબ

ફાર્મા કંપનીઓ દ્વારા ગેરકાયદેસર રીતે નશાયુક્ત ડ્રગ્સ કે દવાની બનાવટ અને વેચાણ

*15/4/2582: **શ્રી શૈલેષ મનુભાઇ પરમાર (દાણીલીમડા)**: **માનનીય આરોગ્યમંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કેઃ-

| | પ્રશ્ન | | જવાબ |
|---|---|---|---|
| (૧) | તા.૩૧-૧૨-૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં અમદાવાદ શહેર અને જિલ્લામાં આવેલ ફાર્મા કંપનીઓ ગેરકાયદેસર રીતે નશાયુક્ત ડ્રગ્સ કે દવાની ગેરકાયદેસર બનાવટ અને વેચાણ કરે છે તે હકીકત સાચી છે, | (૧) | ના |
| (૨) | જો હા, તો ઉક્ત વર્ષવાર કઇ કંપની કેવા પ્રકારનું ગેરકાયદેસર ડ્રગ્સ અને નશાયુક્ત દવા બનાવતી હોવાનું સામે આવ્યું, | (૨) | લાગુ પડતું નથી. |
| (૩) | તે અન્વયે કઇ કંપની સામે શા પગલાં લીધા, અને | (૩) | લાગુ પડતું નથી. |
| (૪) | ઉક્ત સ્થિતિએ ફાર્મા કંપનીઓમાં ગેરકાયદેસર ડ્રગ્સ અને દવાનું ઉત્પાદન ન થાય તે માટે શા પગલાં લેવામાં આવ્યા? | (૪) | તંત્રના અધિકારીઓ દ્વારા ફાર્મા કંપનીઓમાં ગેરકાયદેસર ડ્રગ્સ અને દવાનું ઉત્પાદન ન થાય તે અર્થે ઔષધ વિક્રેતાઓ અને ઉત્પાદક પેઢીઓની તપાસ કરી તેઓના રેકોર્ડની સઘન ચકાસણી કરી જરૂર જણાય તો દવાઓના નમુનાઓ ગુણવતાની ચકાસણી અર્થે લેવામાં આવે છે અને લેવાયેલ દવાઓના પૃથ્થકરણ વાસ્તે મોકલવામાં આવે છે. જો આવો કોઇ દવાનો નમૂનો પૃથ્થકરણમાં નકલી સાબિત થાય તો જે તે દવાના વિતરક અને ઉત્પાદક પેઢી સામે ઔષધ અને સૌંદર્ય પ્રસાધન ધારા હેઠળ કાયદેસરની કાર્યવાહી કરવામાં આવે છે. |

મુખ્ય પેજ

# પુરક નોંધ

➢ ઔષધ અને સૌંદર્ય પ્રસાધન ધારો ૧૯૪૦ હેઠળ રાજ્યના ઔષધ નિરીક્ષકો દ્વારા ઔષધની બનાવટોનું ઉત્પાદન વેચાણ તેમજ સંગ્રહ કરતી પેઢીઓમાં સર્વેલન્સની કામગીરી કરવામાં આવે છે તેમજ તપાસ દરમ્યાન ઔષધના નમુનાઓ લેવામાં આવે છે. જો આવા નમુનાઓ ચકાસણીમાં અપ્રમાણસર / બનાવટી માલુમ પડે તો ગુણદોષને આધારે ઉત્પાદક પેઢીઓના પરવાના સ્થગીત કરવા, પરવાના રદ કરવા, બનાવટની પરવાનગી રદ કરવી તેમજ ઔષધ અને સૌંદર્ય પ્રસાધન ધારા હેઠળની જોગવાઈઓ મુજબ નામદાર કોર્ટ ખાતે જે–તે જવાબદારો સામે ફોજદારી કેસ દાખલ કરવા જેવા સખત પગલાઓ લેવામાં આવે છે.

મુખ્ય પેજ

# પેટા પ્રશ્નો

**અગ્રતા ક્રમ : ૧૬**
**તા. ૨૯/૦૨/૨૦૨૪**
**આરોગ્ય વિભાગ**

**માન. ધારાસભ્યશ્રી:** શ્રી શૈલેષ મનુભાઈ પરમાર (દાણીલીમડા)

**પ્રશ્ન:–** ફાર્મા કંપનીઓ દ્વારા ગેરકાયદેસર રીતે નશાયુક્ત ડ્રગ્સ કે દવાની બનાવટ અને વેંચાણ

| પેટા પ્રશ્ન ક્રમાંક | પ્રશ્નની વિગત | ધારાસભ્યશ્રીનું નામ |
|---|---|---|
| ૧ | ➢ ખોરાક અને ઔષધ નિયમન તંત્ર દ્વારા શું કામગીરી કરવામાં આવે છે?<br>➢ ઔષધના ઉત્પાદનમાં ગેરરીતી ન થાય તે માટે તંત્ર દ્વારા શું પગલા લેવામાં આવે છે? | શ્રી કીરીટકુમાર પટેલ, ઉંઝા |
| ૨ | ➢ જો કોઈ ઈસમ વગર પરવાને દવાઓ ઉત્પાદીત કે વેચાણ કરે તો તંત્ર દ્વારા શું કામગીરી કરવામાં આવે છે?<br>➢ અપ્રમાણસર દવાઓ બાબતે તંત્ર દ્વારા શું કામગીરી કરવામાં આવે છે? | શ્રી કેશાજી ચૌહાણ, દિયોદર |
| ૩ | ➢ સ્પુરીયસ/બનાવટી દવાઓ બાબતે તંત્ર દ્વારા શું કામગીરી કરવામાં આવે છે?<br>➢ જો કોઈ દવા હલકી ગુણવત્તા વાળી સાબીત થાય તો વિક્રેતાઓને સુચિત કરવા શુ કાર્યવાહી કરવામાં આવે છે? | શ્રી સરદારભાઈ ચૌધરી, ખેરાલુ |

મુખ્ય પેજ

**અગ્રતા ક્રમ – ૧૬**
**તારાંકિત પ્રશ્ન ક્રમાંક – ૧૫/૪/૨૫૮૨**
**આરોગ્ય વિભાગ**
**તા. ૨૯/૦૨/૨૦૨૪**

પેટા પ્રશ્ન: ૧ (શ્રી કીરીટકુમાર પટેલ, ઉંઝા )

- **ખોરાક અને ઔષધ નિયમન તંત્ર દ્વારા શું કામગીરી કરવામાં આવે છે?**
- **ઔષધના ઉત્પાદનમાં ગેરરીતી ન થાય તે માટે તંત્ર દ્વારા શું પગલા લેવામાં આવે છે?**

**જવાબ:**

- ખોરાક અને ઔષધ નિયમન તંત્ર દ્વારા ખોરાક અને ઔષધના પરવાના આપવા, તાજા કરવા તથા ઉત્પાદકોને જરૂરીયાત મુજબના પ્રમાણપત્રો આપવા ઉપરાંત રાજયમાં બનતા તથા વેચાતા ખોરાક અને ઔષધોની ગુણવત્તા ઉપર નિયંત્રણ રાખવાનું તેમજ શુધ્ધ ખોરાક તેમજ ગુણવત્તા યુક્ત દવાઓ જાહેર જનતાને મળી રહે તે માટે ખોરાક અને ઔષધના નમુનાઓ લઈ તેની તપાસ કરવાનું કાર્ય કરવામાં આવે છે.
- ખોરાક અને ઔષધ નિયમન તંત્રના અધિકારીઓ તેમજ કેન્દ્ર સરકારના અધિકારી દ્વારા ઔષધ ઉત્પાદક પેઢીઓની સમયાન્તરે  તપાસ કરી તેઓના રેકોર્ડની સઘન ચકાસણી કરવામાં આવે છે.

મુખ્ય પેજ

પેટા પ્રશ્ન: ૨ (શ્રી કેશાજી ચૌહાણ, દિયોદર)

- **જો કોઈ ઈસમ વગર પરવાને દવાઓ ઉત્પાદીત કે વેચાણ કરે તો તંત્ર દ્વારા શું કામગીરી કરવામાં આવે છે?**
- **અપ્રમાણસર દવાઓ બાબતે તંત્ર દ્વારા શું કામગીરી કરવામાં આવે છે?**

**જવાબ:**

- જો કોઈ ઈસમ વગર પરવાને દવાઓ ઉત્પાદીત કે વેચાણ કરે તો જે–તે ઈસમો સામે ઔષધ અને સૌંદર્ય પ્રસાધન ધારાની જોગવાઈઓ હેઠળ નામદાર કોર્ટમાં ફોજદારી કેસ દાખલ કરવામાં આવે છે.
- રાજ્યના ઉત્પાદકોની અપ્રમાણસર દવાઓ માટે તેઓના પૃથ્થકરણના ગુણદોષને આધારે ઉત્પાદક પેઢીઓના પરવાના સ્થગીત કરવા, પરવાના રદ કરવા, બનાવટની પરવાનગી રદ કરવી તેમજ ઔષધ અને સૌંદર્ય પ્રસાધન ધારા હેઠળની જોગવાઈઓ મુજબ નામદાર કોર્ટ ખાતે જે–તે જવાબદારો સામે ફોજદારી કેસ દાખલ કરવા જેવા સખત પગલાઓ લેવામાં આવે છે.

મુખ્ય પેજ

## પેટા પ્રશ્ન: - ૩ (શ્રી સરદારભાઇ ચૌધરી, ખેરાલુ)

- **સ્પુરીયસ/બનાવટી દવાઓ બાબતે તંત્ર દ્ધારા શું કામગીરી કરવામાં આવે છે?**
- **જો કોઈ દવા હલકી ગુણવત્તા વાળી સાબીત થાય તો વિક્રેતાઓને સુચિત કરવા શુ કાર્યવાહી કરવામાં આવે છે?**

**જવાબ:**

- જો ઔષધનો નમુનો સ્પુરીયસ / બનાવટી જાહેર થાય તો ઔષધ અને સૌંદર્ય પ્રસાધન ધારા હેઠળની જોગવાઈઓ મુજબ નામદાર કોર્ટ ખાતે જે–તે જવાબદારો સામે ફોજદારી કેસ દાખલ કરવા જેવા સખત પગલાઓ લેવામાં આવે છે.
- ચકાસણીમાં દવાનો નમુનો હલકી ગુણવત્તાનો જણાઈ આવે તો આ તંત્ર દ્ધારા એસ.એમ.એસ.થી વિક્રેતા પેઢીઓને તેની જાણ કરી તેનુ વેચાણ તાત્કાલીક અસરથી અટકાવવા માટે સુચના આપવામાં આવે છે. જેથી આવી હલકી ગુણવત્તા વાળી દવાઓ લોક વપરાશમાં જતી અટકાવી શકાય.

મુખ્ય પેજ